

વર્ષ ૭ । સળંગ અંક ૪૧ । એપ્રિલ ૨૦૨૦



# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની



Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

પ્રારંભ: ઑગસ્ટ, 2013


**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org


- મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા
- ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ
- લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની

•

## અમારી વેબસાઈટ:

www.ekatrafoundation.org

https://ekatra.pressbooks.pub

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા 'સંચયન'નાં તમામ અંકો વાંચી શકાશે.

•

- વીજાણુ સામયિક 'સંચયન' દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- 'સંચયન' માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- 'સંચયન'માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

# અ નુ ક્ર મ

સંચયન ૪૧ // એપ્રિલ ૨૦૨૦

એક અનિષ્ટના ભારણ વચ્ચે... ○ સંપાદકનું કથન ○ રમણ સોની

સહજ ○ કાવ્ય ○ માધવ રામાનુજ

કાવ્યસપ્તક ○ કવિતા ○ વેણીભાઈ પુરોહિત

એસ્કેલેટર ○ વાર્તા ○ દક્ષા પટેલ

મારા વિના ○ કવિતા ○ ચન્દ્રકાન્ત ટોપીવાળા

કાળ્યકામાની જીભ ○ લૌકિક કથા ○ હાજરાબેન વીજળીવાળા, શરીફા વીજળીવાળા

ચાલતાંચાલતાં ○ નિબંધ ○ વાડીલાલ ડગલી

કાશીનો પંડિત ○ કિશોર-કાવ્ય ○ રમણલાલ સોની

કલકત્તા ○ પ્રવાસ-કથન ○ ભોળાભાઈ પટેલ

ઔર ગાડી છૂટ જાય ○ હાસ્ય ○ ઉર્વીશ કોઠારી

મધ્યકાલીન ટેકના દુહા ○ કાવ્ય-આસ્વાદ ○ કાવ્ય : રામનારાયણ પાઠક, આસ્વાદ : રમણ સોની

પઠન/ગાન : માધવ રામાનુજ, અમર ભટ્ટ, શરીફા વીજળીવાળા

મધ્યકાલીન દુહાનું પઠન: શક્તિસિંહ પરમાર, ભાવનગર

‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

## સંપાદકનું કથન

# એક અનિષ્ટના ભારણ વચ્ચે થોડાંક વરદાન

રમણ સોની

આખી દુનિયાનો માનવસમાજ અત્યારે એક અનિષ્ટના ભારણ નીચે છે, બલકે એના સકંજામાં છે. આમ તો માનવજગતને ઘણી મહામારીઓનો અનુભવ છે. પ્લેગ જેવા રોગોએ અનેક માણસોનો, ખૂબ નિર્દય રીતે, જુગુપ્સાભર્યો વિનાશ કરેલો. પણ આ, કોરોના-વાયરસ-વ્યાધિ જાણે છૂપા વેશે છેતરતો હોય એવો આતંકી છે. એણે આપણને વ્યાપક સમાજમાંથી પરિવાર-સીમિત કરી દીધા છે. બચવાનો આ જ સૌથી કારગત ઉપાય છે. પૂરવેગે દોડતી દુનિયા સ્થગિત થઈ ગઈ છે...

ટોળાં નથી, સમુદાયો પણ નથી, મંડળીઓ પણ નથી. જાહેર પરિવહન-સાધનો અને ખાનગી વાહનો પણ નથી – બંધ છે. એથી ધૂમાડો પણ નથી, ધૂળ નથી, ઘોંઘાટો નથી. સ્થગિતતાની સાથે જ, ઉચાટની વચ્ચે, શાંતિ આવી છે – એમ કહીએ કે એક પ્રશાન્તિ વ્યાપી ગઈ છે. પર્યાવરણ શુદ્ધ થતું ગયું છે. બધા જ પ્રકારનાં પ્ર-દૂષણો જાણે વિરામ લઈ રહ્યાં છે. એટલે નદીઓ ચોખ્ખી છે, આકાશ ચોખ્ખું છે – આકાશી જ્યોતિઓ વધુ ઉજ્જ્વળ લાગે છે. પ્રદૂષણનું અ-પારદર્શક આવરણ દૂર થતાં જ અદષ્ટ પર્વતો દષ્ટિગોચર થતા ગયા. ઘોંઘાટ ગયો એટલે પંખીરવ – લગભગ આખો દિવસ – સંભળાતા થયા. મનુષ્ય-સામ્રાજ્ય એકાન્તબદ્ધ અને સીમિત થતાં જ પ્રકૃતિનું સામ્રાજ્ય પ્રસરતું જણાય છે – અનુભવાય છે. પશુ-પંખીઓને, વૃક્ષો-પર્વતો-જળાશયોને પોતાની છિનવાયેલી સૃષ્ટિ પાછી મળી છે.

શહેરી ઘરોમાં રહેલાં આપણાં સૌના ઇન્દ્રિયાનુભવો નરવા બન્યા છે. જોયેલાં ને કદી ન જોયેલાં સુંદર પંખીઓ હવે ઘર પાસેનાં વૃક્ષો પર, કંપાઉન્ડ વૉલની બેસણીઓ પર, નીચે આંગણામાં, અરે સરિયામ રસ્તાઓ પર જોવા મળે છે. એમના કંઠસ્વર – મનુષ્ય-વાહનોની ચિચિયારીઓ બંધ થતાં – વધુ સ્પષ્ટરૂપે, વધુ મધુર રૂપે સંભળાય છે. ઊંડા શ્વાસ લેવાનું મન થાય છે (એમ થાય છે કે ઉચ્છ્વાસ કાઢવામાંય સમય શું કરવા બગાડવો!) ગરમીના દિવસોમાં પણ વાયુની લહર સહ્ય – અને સવારે-સાંજે શીતળ લાગે છે. વાયુનો આ સ્પર્શ તો અનુભવેલો જ નહીં!

અનિષ્ટના ભારણ વચ્ચે આ મનોહર ઈષ્ટો એક ઊંડા આનંદનો અનુભવ આપે છે. ને તરત વિચાર આવે છે કે આપણે જ આ ઈષ્ટોનું ગળું દબાવી દીધેલું ને! વિકાસને નામે માનવજાત પ્રકૃતિ પર કેટલું મોટું દમન આચરતી ગઈ છે. ઔદ્યોગિક અને ટેક્નોલૉજીકલ 'હરણફાળ'ને નામે – હરણની પાછળ ધસતાં જીવલેણ અનિષ્ટોને નજરઅંદાજ કરતાં રહ્યાં આપણે. એ શું અનિવાર્ય જ હતું? ધારો કે પાછા વળી કે ફરી શકાય એવું ન હતું, પણ એ કમનસીબ તો હતું. 'હિંદસ્વરાજ'ના ગાંધીજી આપણને ક્યાંક અવ્યવહારુ, રૂઢિબદ્ધ લાગતા હતા. હવે આજે ફરીથી એમની ચેતવણીઓ, સ્પષ્ટ અવાજે સંભળાય છે.


o

આ રોગ-અનિષ્ટ છેવટે તો જશે. કોઈ અનિષ્ટ કાયમી હોતું નથી. કવિ માધવ રામાનુજનું, એ આશાવાદને ઉચ્ચારતું સાદું-સરળ કાવ્ય આ અંકના આરંભે જ મૂક્યું છે એનો સ્પષ્ટ સૂર પણ એ જ છે.

પણ હવે નવાં મહેમાન થઈને આવેલાં પ્રકૃતિનાં આ મિષ્ટ ઈષ્ટો શું ફરી વિદાય લેશે? ફરી પાછાં આપણે એ જ બેફામ વેગે દોડીને પ્રદૂષણના આતંકીને જ ખુલ્લું મેદાન આપવાના? અત્યાર વરદાનરૂપે આવીને પ્રકૃતિએ આપણી સાન કંઈક ઠેકાણે આણી છે એ આપણી સમજમાં કોઈ મહત્ત્વનું પરિવર્તન લાવશે? આપણે બેફામ વેગને ખાળી શકીશું? ખાળવા 'વિચારી' શકીશું? કદાચ નવીનતર પેઢી – કિશોરવયનાંની ઉદીયમાન પેઢીના સંવેદન-વિચાર-જગતમાં કંઈક ઊગે તો ઊગે... એવું વિચારવું પણ ગમે છે.

o

ઈષ્ટ અને અનિષ્ટ, અત્યારે તો આપણી સામે કંઈક નવાં રૂપો ધારણ કરીને દેખાઈ રહ્યાં છે ...



The Nature is sending us a massage : ...You are not necessary! The air, earth, water and sky without you are fine!! When you come back, remember you are my guests – not my masters!!

*[whatts app msg]*

( પ્રકૃતિ કહેવડાવે છે : જોયું ને મનુષ્યો, તમારા વગર આમ તો ચાલે છે – આ વાયુ, આ ધરતી, આ જળ, આ આકાશ બિલકુલ મજામાં છે. તમે પિંજરમાંથી પાછાં આવો ત્યારે એટલુંક સમજજો કે તમે મારાં મહેમાન છો, માલિક નહીં.)

# સહજ

## - માધવ રામાનુજ

કોઈ મહામારી વધુ ટકતી નથી;
એમ આ સંકટ વધુ ટકશે નહિ.
વિશ્વયુદ્ધો પણ જુઓ આવ્યાં-ગયાં;
યુદ્ધ મહાભારતનું ક્યાં લાંબું હતું?
આ સ્થિતિ પણ આવી છે એવી જશે;
ને જીવન  પાછું હતું એવું થશે.
આપણી ધીરજ જુઓ જીતી રહી છે;
સંકટોની સહુ ક્ષણો વીતી રહી છે.
મૃત્યુથી બચવાનું સહેલું કેટલું?
સહુની સાથે ઘરમાં રહેવા જેટલું.
કેટલાં વર્ષે સહજ આવી મળ્યો છે –
ઘરમાં રહેવાનો રૂડો અવસર મળ્યો છે!
ઘરનું એકેએક જણ રક્ષણ તળે છે;
કેવો સહુને વ્હાલનો છાંયો મળે છે!
માનજો કે સ્વાસ્થ્યનું આ એક તપ છે;
માનજો પરિવાર માટેનું આ તપ છે!
કઈ સ્થિતિ સારી?... સુખી હો ઘરમાં રહીને –
કે પછી કોઈ હૉસ્પિટલમાં દર્દી થઈને?
આપણે બચશું ને બચશે સ્વજન ને ઘર;
એ પછી ફરજો છે દુનિયામાં જીવનભર.
આ જુઓ, ઘરમાં જે રહેવાનું મળ્યું છે –
દૂર મહામારીથી રહેવાનું મળ્યું છે!
જાતને મળવાનો આ ઉત્તમ સમય છે;
સહજ પોતાને સમજવાનો સમય છે!
ઘરમાં રહેવાના સમયને પ્રેમ કરજો!
આ સહજ વાતો બધી અંતરમાં ધરજો!

*૩૧-૩-૨૦૨૦*

*[નિરીક્ષક, ૯ એપ્રિલ ૨૦૨૦]*

પઠન: માધવ રામાનુજ

# વેણીભાઈ પુરોહિત


**વેણીભાઈ જમનાદાસ પુરોહિત** (જન્મ ૧.૨.૧૯૧૬ – અવસાન ૩.૧.૧૯૮૦) ‘પારેવાં’ અને ‘સુખનાં સુખડ’ જેવી ઘૂંટાયેલી કાવ્યરચનાઓના સર્જક ઉપરાંત ફિલ્મ આદિ માટે લખેલી ‘તારી આંખનો અફીણી...’ જેવી કે રેડીઓ પરથી પ્રસારિત ‘હરિકીર્તનની હેલી...’ કે ‘મેઘરાજાની ઘમક ઘૂઘરવેલ...’ જેવી કર્ણમધુર ગીતિરચનાઓથી વ્યાપક સમુદાયમાં વધુ જાણીતા હતા. અનુ-ગાંધી સમયના મધુર-પ્રાસાદિક કવિતાના બાલમુકુન્દ દવે જેવા એક નોંધપાત્ર આ કવિનું ભાવસંવેદન ભક્તિની આર્દ્રતાવાળું વિશેષ હતું. જોકે ‘સિંજારવ’(૧૯૫૫), ‘દીપ્તિ’(૧૯૫૬), ‘આચમન’(૧૯૭૫) સંગ્રહોમાં એમની વિવિધ વિષયો પરની ગઝલ, ગીત, છંદ-રચનાઓ પણ છે. ‘કાવ્યપ્રયાગ’ નામે એક કાવ્યાસ્વાદ-સંગ્રહ પણ એમણે કરેલો. ગેય બાળવાર્તાઓ ‘જોઈતારામની જડીબુટ્ટી’ તથા બે વાર્તાસંગ્રહો પણ આપનાર વેણીભાઈ જીવનભર પત્રકારત્વ સાથે સંકળાયેલા રહ્યા.



## નયણાં

ઊનાં રે પાણીનાં અદ્દ્ભુત માછલાં,
એમાં આસમાની ભેજ,
એમાં આતમાનાં તેજ :
સાચાં તોયે કાચાં જાણે કાચનાં બે કાચલાં :
        ઊનાં રે પાણીનાં અદ્દ્ભુત માછલાં.

સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
ને પોતે છીછરાં અતાગ :
સપનાં આળોટે એમાં છોરુ થઈને ચાગલાં :
        ઊનાં રે પાણીનાં અદ્દ્ભુત માછલાં.




જલના દીવા ને જલમાં ઝળહળે
કોઈ દિન રંગ ને વિલાસ,
કોઈ દિન પ્રભુ! તારી પ્યાસ,
ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલાં :
        ઊનાં રે પાણીનાં અદ્દ્ભુત માછલાં.

ગાન: અમર ભટ્ટ

*(સિંજારવ)*

## નોખું નોખું ને એકાકાર

સપનામાં જાગ્યો તેનો
લાગ્યો ઉજાગરો ને
આંખોમાં ભીનો ભીનો ભાર રે,
જોગીડા! આ તે
કેવું રે સૂવું ને કેવું જાગવું હો જી!

લોચન બીડ્યાં ને સૃષ્ટિ સો સો ત્યાં ઊઘડી,
સો સો સમાધિ લાગી... લાગી અધૂકડી,
જ્યાં રે કાંઠો છે ત્યાં મઝધાર :
રે જોગીડા! આ તે
કેવું પરાયું કેવું આગવું હો જી!

સામે આવે તે પહેલાં સુખડાં મેં પામી લીધાં,
આડે આવે તે પહેલાં દુખડાં મેં વામી દીધાં;
મારો તે લાગે મુને ભાર :
રે જોગીડા! આ તે
કેવું રે ભોગવવું કેવું ત્યાગવું હો જી!

શ્રાવણના શ્યામલ નભમાં પોતાની પાવકજ્યોતે –
ઘૂમી ઘૂમીને વીજલ ખાતી પછડાટ પોતે –
લપસીને લથડે લાખો વાર :
રે જોગીડા! આ તે
કેવું રે રુઝાવું કેવું વાગવું હો જી!
પંખી પોતામાં ઊડી પોતામાં ડૂબી રહેતું,
આખું આકાશ એને ચોગમ લપેટી લેતું
ઊંચું ને ઊંડું હારોહાર
નોખું નોખું ને એકાકાર
રે જોગીડા! આ તે
કેવું તરવું ને કેવું તાગવું હો જી!

(આચમન, ૧૯૭૫ )

## પ્યારનો પારો

જીવનના મુસાફર શોધે છે રસ્તામાં ઉતારો શા માટે?
મુજ પ્યારની રંગત ઝંખે છે એનો અણસારો શા માટે?

આ આંખ ભટકતાં થાકી ગઈ, આ પ્રેમને પોરો ખાવો છે,
કોઈ દિલની સરાઈ છોડીને ગલીઓમાં ગુજારો શા માટે?

છે ચાહતની બલિહારી અજબ, હું એક જ ઉત્તર શોધું છું,
કે આંખોથી સત્કાર કરો ને મુખથી નકારો શા માટે?

હું ઠપકો દઉં છું રોજ, હૃદયને રોજ દિલાસો આપું છું,
કે તુંય પકડવા દોડે છે એ પ્યારનો પારો શા માટે?

સપનાંનું રેશમ જાય બળી, ને આશાની મૂરઝાય કળી,
કોઈ લીલાછમ ખેતરને ખોળે ગમનો અંગારો શા માટે?

જ્યાં જોગ નથી, જ્યાં ભોગ નથી, સુખદુઃખના જ્યાં સંજોગ નથી,
જ્યાં પ્યાર કર્યાનું પાપ નથી, એવો જન્મારો શા માટે?

હું મોતનું જીવન જીવું છું, બિસ્મિલની બોલી બોલું છું,
ને શબ જેવા આ દિલમાં યારબ! આ ધબકારો શા માટે?

*(સિંજારવ)*

## માણસ

કરવતથી વહેરેલાં
ઝેરણીથી ઝેરેલાં,
કાનસથી છોલેલાં,
તોય અમે લાગણીનાં માણસ.

બોમ બોમ બીડેલાં પંખાળાં સાંબેલાં,
તોપ તોપ ઝીંકેલાં, આગ આગ આંબેલાં,
ધણધણ ધુમાડાના
બહેરા ઘોંઘાટ તણી ઘાણીમાં પીલેલાં :
તોય અમે લાવણીનાં માણસ.

ખેતરનાં ડૂંડાંમાં
લાલ લાલ ગંજેરી,
શ્યામ શ્યામ સોનેરી,
ભડકે ભરખાયલ છે : દાણા દુણાયલ છે :
ઊગવાના ઓરતામાં વણસેલાં કણસેલાં –
તોય અમે વાવણીનાં માણસ.

ભૂખરાં ને જાંબુડિયાં... દૂધિયાં પિરોજાં,
દીઠા ને અણદીઠા દરિયાનાં મોજાં,
માતેલાં મસ્તાનાં ઘૂઘરિયાં સોજાં :
કાંઠેથી મઝધારે
સરગમને સથવારે,
તોય અમે આવણી ને જાવણીનાં માણસ.
ચડતી ને ઊતરતી ભાંજણીનાં માણસ.
કરવતથી વહેરેલાં
ઝેરણીથી ઝેરેલાં,
કાનસથી છોલેલાં,
તોય અમે લાગણીનાં માણસ.

(આચમન)

## માયાપાશ

ભીંત ફાડીને પીપળો રે ઊગ્યો,
જીરણ એની કાયા,
રે હો જીરણ એની કાયા :
કાંકરી-ચૂનો રોજ ખરે ને
ધ્રૂજે વજ્જર-પાયા,
રે હો ધ્રૂજે વજ્જર-પાયા! – ભીંત૦

પાંદડે પાંદડે તેજ ફરૂકે,
મૂળ ઊંડેરાં ઘાલે,
રે હો મૂળ ઊંડેરા ઘાલે :
ચોગમ આડા હાથ પસારી
ગઢની રાંગે ફાલે,
રે હો ગઢની રાંગે ફાલે! – ભીંત૦

કોક કોડીલી પૂજવા આવે,
છાંટે કંકુ-છાંટા,
રે હો છાંટે કંકુ-છાંટા :
સૂતરનો એક વીંટલો છોડી
ફરતી એકલ આંટા,
રે હો ફરતી એકલ આંટા!
ભીંત પડી, પડ્યો પીપળો એક દી
ડાળીયું સાવ સુકાણી,
રે હો ડાળીયું સાવ સુકાણીઃ
ચીરતો એનું થડ કુહાડો,
લાકડે આગ મુકાણી,
રે હો લાકડે આગ મુકાણી – ભીંત૦

જડને ટોડલે ચેતન મ્હોરે,
પૂજવા આવે માયા,
રે હો પૂજવા આવે માયા :
લાખ કાચા લોભ-તાંતણે બાંધે,
મનવા! કેમ બંધાયા?
મારા મનવા! કેમ બંધાયા? – ભીંત૦

(દીપ્તિ)

## રાતો રંગ

રાતી રાતી પારેવાંની આંખડી
ઝમકારા લાલ
ચ-ટ-ક ચણોઠી રાતીચોળ
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતો જી રાતો.

લાલ રતન પૂરવમાં વેર્યાં
સુરખી અદ્ભુત ઊંડી રે,
આથમણી મનમોજી રંગત
છલકે તાંબાકૂંડી રે
ઝમકારા લાલ!
નયણાં નભને ઝીલે જોડાજોડ :
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતો જી રાતો.

અત્તરની ફોરમ મેંદીના
અંતરમાં મતવાલી રે
લીલો રંગ લપાવી બેઠો
લાજશરમની લાલી રે
ઝમકારા લાલ!
મંનડું મેંદીનો ઝીણો છોડ :
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતો જી રાતો.

દહાડો આખો જીવ જલ્યો ને
રાતી જ્વાલા વેઠી રે,
મનભાંગેલી રાત કસૂંબો
ગટ ગટ પીને બેઠી રે

ઝમકારા લાલ!
સાચાંખોટાં સોણલાંની સોડ :
અમને રસ્તામાં રંગ લાગ્યો રાતો જી રાતો.

(આચમન)

## સુખડ અને બાવળ

સુખનાં સુખડ જલે રે
મારા મનવા!
દુઃખનાં બાવળ બળે –
બળે રે જી... દુઃખનાં બાવળ બળે.

સુખડ જલે ને થાય ભસમની ઢગલી ને
બાવળના કોયલા પડે –
મારા મનવા!
તરસ્યા ટોળે વળે.
વળે રે જી... દુઃખનાં બાવળ બળે.

કોઈનું સુખ ખટરસનું ભોજન,
કોઈ મગન ઉપવાસે :
કોઈનું સુખ આ દુનિયાદારી,
કોઈ મગન સંન્યાસે,
રે મનવા!
કોઈ મગન સંન્યાસે,
સુખનાં સાધન ને આરાધન
લખ ચકરાવે ચડે...
ચડે રે જી... તરસ્યા ટોળે વળે.

કોઈ પરમારથમાં સુખ શોધે,
કોઈ પરદુઃખે સુખિયા :
ભગત કરે ભગતીનો ઓછવ,
કોઈ મંદિરના મુખિયા,
રે મનવા !
કોઈ મંદિરના મુખિયા :
સમદુખિયાંનો શંભુમેળો
ભવમાં ભેગો મળે,
મળે રે જી... લખ ચકરાવે ચડે.

રંગવિલાસી ભોગી દીઠા,
જોગી બ્રહ્મ-વિલાસી :
પામર સુખ, અજરામર સુખના
સહુને દીઠા પ્યાસી,
રે મનવા!
સહુને દીઠા પ્યાસી,
બધા ઝઝૂમે —
બધા ઝઝૂમે ઝંખી-ઝંખી
સળગે કે ઝળહળે,
હળે રે જી... ભવમાં ભેગા મળે.

સુખનાં સુખડ જલે રે
મારા મનવા!
દુઃખનાં બાવળ બળે.

*(સિંજારવ)*

*(વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા–માંથી)*

વાર્તા

# એસ્કેલેટર

દક્ષા પટેલ

‘મમ્મી, બારી પાસેની અને તેના પછીની સીટ આપણી છે. તું બારી પાસે અંદર જતી રહે, હું બહારની બાજુ બેસીશ.’ અમિતા સાચવીને અંદર ઘૂસી બારી પાસેની સીટ પર બેસી ગઈ. બારીના કાચમાંથી બહાર જોયું તો ઝગારા મારતા અજવાળાએ આંખો આંજી દીધી. તેની આંખો બંધ થઈ ગઈ. અંદરથી જાણે કોઈ બોલતું સંભળાયું, ‘અમિતા, ખબર છે ને ક યાં જાય છે? શા માટે જાય છે? આજે આટલા વર્ષે?’ તે ગભરાઈ ગઈ. ફટ કરતી આંખો ઊઘડી ગઈ. આસપાસ જોવા લાગી. મુસાફરો આવી રહેલા. ધીમે ધીમે ગોઠવાતા હતા. અવરજવરનો અવાજ, લગેજ મૂકવાનો અવાજ ચાલુ હતો પણ ટ્રેન જેવો નહીં. કદાચ વિમાનની મુસાફરી શિસ્તસભ્યતા પરાણે પળાવતી હશે.

સીટબેલ્ટ બાંધવાની જાહેરાત થઈ. સાથે સાથે સીટબેલ્ટ બાંધવાની રીત બતાવવા રૂપાળી એરહૉસ્ટેસ બેલ્ટ લઈને બધાં જોઈ શકે તેમ વચ્ચે ઊભી રહી. બે ભાષામાં ડેમોન્સ્ટ્રેશન પૂરું થયું. બધાંએ ટપોટપ સીટબેલ્ટ બાંધી લીધા. અમિતા હજુ એમ જ બેઠી હતી. કદાચ નવી જગા માટે પોતાની જાતને તૈયાર કરી રહી હતી. શ્યામે તેને હલાવીને કહ્યું, ‘મમ્મી સીટબેલ્ટ બાંધી દે. વિમાન ચાલશે. જો એરહૉસ્ટેસ બધાંના બેલ્ટ ચેક કરી રહી છે.’

અમિતાને આમ સીટ સાથે બંધાઈ જવાનો વિચાર અકળાવનારો લાગ્યો. બંધાવવાની વાત નાનપણથી જ ગમતી નહીં. સરસ મજાની સ્કૂલબૅગમાં નોટચોપડી ભરવાને બદલે હાથમાં ખુલ્લાં લઈ જતી, બૂટ કે સૅન્ડલ તો પહેર્યાં જ નથી, પલંગને બદલે સૂવાનું પણ જમીન પર પથારી પાથરીને અને સાવ એકલી મનફાવે તેમ હરતીફરતી.

તેના વાળ ઘણા લાંબા હતા, પણ બાને ચોટલો ગૂંથવા દેતી નહીં. કૉલેજમાં બધા તેના વાળ પર ફિદા હતા. વાસુ જોડે લાંબા વાળને લીધે પરિચય થયેલો. લગ્ન પછી વાસુને કંઈક વાંકું પડે કે તેના વાળ જોરથી ખેંચતો. કદીક પાતળી લટ પકડી ઝાટકો મારી ખેંચી કાઢતો. તે પીડાથી ચીસ પાડી ઊઠતી. ક્યારેક તો તેના લાંબા વાળ તેના ગળે ટૂંપો દેતો હોય તેમ વીંટાળી દઈ ડરાવતો, તે ગૂંગળાઈ જતી... રડી પડતી... તેને રડતી મૂકી વાસુ દરવાજો પછાડી જતો રહેતો. તેણે પોતાના બોબ્ડહેર પર હળવેથી હાથ ફેરવી બારી બહાર જોયું.

વિમાન રન-વે પર દોડી રહ્યું છે. ધીમે ધીમે ઝડપ વધી રહી છે. તેને ઝડપ ગમતી. તેની સાઇકલ ઘરેથી તીરની જેમ છૂટતી, ને ઘડીક વારમાં કૉલેજ પહોંચી જતી. કૉલેજના ચોથા માળે ક્લાસરૂમ, પણ પગથિયાં એમ ચડતી જાણે એસ્કૅલેટર પર ઊભી હોય. વિમાનની ઝડપ ઓર વધી, અવાજ બદલાયો... જાણીતો લાગ્યો. ખૂબ ઝડપથી ફરતાં મેરી-ગો-રાઉન્ડ જેવો. એક વાર મેળામાં જીદ કરીને મોટા મેરી-ગો-રાઉન્ડમાં એકલી બેઠેલી. શરૂમાં આ વિશાળ ચગડોળ ધીમે ધીમે ફરતું'તું. ચોપાસનું બધું નિરાંતે જોઈ-ઓળખી શકાય તેટલું ધીમું. ધીરે ધીરે ઝડપ વધવા લાગી. ચગડોળનો અને બેઠેલા લોકોના અવાજ વધવા લાગ્યા. ઝડપ એટલી વધી કે આસપાસનું બધું એકાકાર થઈ ગયું. ઉપરનીચેનો ભેદ ભૂંસાઈ ગયો. પેટમાં વળ પડવા લાગ્યા. જીવ ગભરાવા લાગ્યો. ટ્રોલીનો હાથો મજબૂતાઈથી પકડી આંખો બંધ કરી દીધી.

વિમાનની ઝડપ અસાધારણ વધી. તેણે સીટનો હાથો જોરથી પકડી લીધો. આંખો બંધ કરી દીધી. વાસુનો અવાજ મોટો ને મોટો થવા લાગ્યો. અવાજ નજીક આવતો લાગ્યો. તેનું શરીર ડરથી સંકોચાઈ ગયું. ખુરશીનો હાથો પકડી, પગ ઉપર ચઢાવી દીધા. જોરદાર થપ્પડની રાહ જોવા લાગી. બરાડાની સખ્તાઈ વધવા લાગી. જોરજોરથી ખુરશી હલવા લાગી. હમણાં પડી જવાશે તેવો ભય લાગ્યો. છેલ્લા આંચકા સાથે ખુરશી સ્થિર થઈ. શૂન્યાવકાશનો અનુભવ થયો. આંખો ઉઘાડી... હળવા આંચકા સાથે વિમાન હવામાં ઊંચકાયું. ઝડપભેર ઊંચે ચઢવા લાગ્યું. સ્હેજ ડર જેવું લાગ્યું. થોડી વારમાં રાગે પડી ગયું. તરત સીટબેલ્ટ ખોલી નાખ્યા.

'મમ્મી, કેટલા વાગે પહોંચીશું? તારી પાસે સરનામું તો છે ને?'

'હા.'

'કેમ છે હવે? તારે શું વાત થઈ?'

'હાર્ટ એટેક. સારવાર ચાલુ છે.'

'આપણે જવું જ જોઈએ ને!'

'જઈએ તો છીએ... હવે શું છે?

'નક્કી કરવામાં એક દિવસ ખોટો બગાડ્યો.'

'બસ, હવે ચૂપ કર.'

શ્યામ ચૂપ થઈ ગયો. તેને વાસુ વિશે નામ અને સંબંધ સિવાયની કોઈ માહિતી નહોતી. રોજ સ્કૂલે જતાં રસ્તો ક્રૉસ કરતી વખતે કદીક યાદ આવી જતું કે સાવ નાનો હતો ત્યારે રસ્તો ક્રૉસ કરતી વખતે પપ્પા તેને ઊંચકી લેતા'તા. અંધારામાં બીક લાગતી ત્યારે પપ્પા યાદ આવતા. નાનપણમાં તેની ઉંમરનાં બાળકો કરતાં કંઈક અલગ કરીને બધાંને આશ્ચર્યમાં મૂકી દેતો ત્યારે કદીક મમ્મીને બોલતાં સાંભળેલી : અસલ તેના પપ્પા જેવો છે. મોટા થતાં રોજ અરીસામાં જોતાં સમજાઈ ગયેલું કે તે તેની મમ્મી જેવો બિલકુલ નથી, એટલે ચોક્કસ પપ્પા જેવો જ હશે.

અમિતાએ પોતાના માથા ઉપરના બોર્ડની સ્વિચ ફેરવી વાંચવા માટે લાઇટ ચાલુ કરી અને એ.સી. ધીમું કર્યું. શ્યામ આશ્ચર્યથી મમ્મીને જોઈ રહ્યો. અમિતાને વાસુએ શિખવાડેલું. પહેલી વાર તે જ વિમાનમાં લઈ ગયેલો. જાદુગરની જેમ વાસુએ વિમાનની નાનકડી બારીનું શટર ખોલ્યું કે બારીના પારદર્શક કાચ પાસે

સોનેરી પીળા રંગનો અગાધ અવકાશ ઝળહળવા લાગ્યો. તે વિસ્મયથી જોઈ જ રહી. વિમાન જાણે સ્થિર થઈ ગયું હોય તેમ લાગ્યું. વાસુએ નીચે જોવા કહ્યું. ઓહોહો... વાદળોના ઢગલેઢગલા. રૂ જેવા આ ઢગલામાં કૂદકા મારવાનું મન થઈ આવ્યું. ભોંય વગરના આકાશમાં દોડવાની ઇચ્છા થઈ. વાસુનો હાથ જોરથી પકડી લીધો. મનગમતા આ સમયને સ્થિર કરી દેવાની ઇચ્છા થઈ આવી. લાગલગાટ ત્રણ કલાકની આ સ્વર્ગયાત્રાના અનુભવને દિવસો સુધી વાગોળતી રહી.

રોજ સાંજ પડે આથમણા આકાશે પલટાતા રંગો ને આકાર બદલતાં વાદળોને અપલક જોયા કરતી. પોતાની મનગમતી દુનિયાને અનુભવતી ને ઘણો રોમાંચ થતો. પણ રાતના અંધારામાં દારૂ પીને આવેલા વાસુના વર્તનમાં બધું જ ડૂબી જતું. મનગમતાં સપનાં તેના બૂમબરાડા ને ધોલધપાટમાં રોળાઈ જતાં. વિમાનમાં અવાજ વધ્યો, લોકોનો સળવળાટ વધ્યો. તે સતર્ક થઈ. આજે પંદર વર્ષે ફરી વિમાનની મુસાફરી કરી રહી છે તે પણ વાસુ માટે.

વિમાનના લેન્ડિંગની જાહેરાત થઈ. ફરી એક વાર તેણે જાતને સીટબેલ્ટથી બાંધી. વિમાન રન-વે પર દોડવા લાગ્યું. તેના વિચારોની ગતિ વધી. ઘણાં વર્ષો પહેલાં કોર્ટમાં જોયેલો. ડિવોર્સ વખતે. છેલ્લી વાર. તે પહેલી નજરમાં ઓળખી શકાશે? કેવો દેખાતો હશે? તેના કરતાં પંદર વર્ષ મોટો. સાથે વ્યસન... સાથે કોણ હશે? ફોન પર ડૉક્ટરે કહેલું પેશન્ટ એકલો છે. પંદર વર્ષમાં શું બન્યું હશે તેની જિંદગીમાં? આ બધું મારે શા માટે વિચારવું જોઈએ? તેણે વિચારોને બ્રેક મારી.

એરપોર્ટના ટૅક્સી-સ્ટૅન્ડ પર પહોંચી ગયાં. દવાખાનાનું સરનામું બતાવી ટૅક્સી કરી. અજાણ્યા શહેરના અજાણ્યા રસ્તા પર ટૅક્સી સડસડાટ દોડવા લાગી. વીતેલાં વર્ષો નજર સામે પસાર થવા લાગ્યાં. વાસુ જોડે લગ્ન કરવાથી મમ્મી-પપ્પાએ કરેલો બહિષ્કાર, ભાઈઓનો ઉગ્ર વિરોધ, કુટુંબ સાથે વિચ્છેદ, સૌનો તિરસ્કાર, સમાજની આકરી ટીકાઓ... આ બધાંથી નાનકડા શ્યામને થતો અન્યાય. કેટલી વાર ભાંગી પડેલી.

ઘણી વાર જીવન ટૂંકાવી દેવાનો વિચાર કરેલો. પણ શ્યામે તેને બાંધી રાખી. પોતાનું નામ બદલી કાઢેલું. પણ દીકરાના નામ સાથે વાસુનું નામ જોડાયેલું રહ્યું.

શ્યામ બધી રીતે અસલ વાસુ જેવો. તે પંદર વર્ષનો થયો ત્યાં સુધીમાં ત્રણ વાર ઘર બદલ્યું. ત્રણે ઘરે તેના ઘણા મિત્રો, સોસાયટીના અને સ્કૂલના. અવારનવાર બધાને મળે, તેમના ફોન આવે ને વારેતહેવારે તેમના જ ઘરે જાય. બધે સાઇકલ પર ફરે. વાસુ જેવો પ્રવાસી. નોકરીમાં ટ્રાન્સફરની વાત આવે કે તરત વાસુ સામે ચાલીને સ્વીકારી લે. ગમે તે શહેરમાં કે ગામડામાં બધે જવા રાજી. લગ્ન પછી દર વર્ષે નવાં નવાં શહેરોમાં ટ્રાન્સફર માંગીને લીધેલી. તે સમજાવતો કે દરેક સ્થળને, સ્થળના લોકોને પોતાની આગવી ઓળખ હોય છે. એક સ્થળે આખું જીવન વિતાવી દેવાનું પસંદ નથી. નવાં સ્થળો, નવા લોકો ને બધું જ નવું. દર વખતે નવેસરથી શરૂ કરવાની મજા જ કંઈ ઑર છે. આજે તેના કારણે જ આ નવા શહેરમાં આવી છે.

સડસડાટ દોડતી ટૅક્સી એક મોટા કૅમ્પસ આગળ અટકી. ‘બહેનજી, દવાખાનું આવી ગયું.’ શ્યામ ઝટ દઈને ટૅક્સીનો દરવાજો ખોલી બહાર નીકળી ઝાંપામાં દાખલ થઈ ગયો, તેને રોકવા અમિતાએ પાડેલી બૂમ હવામાં ફેલાઈ ગઈ. ટૅક્સી ઊપડી ગઈ. તે નાનકડી હૅન્ડબૅગ સાથે ત્યાં જ જડાઈ ગઈ. આંખે અંધારાં આવી ગયાં. આંખો બંધ કરી દીધી.

પંદર વર્ષ પહેલાં ત્રણ વર્ષના શ્યામ સાથે આમ જ રસ્તા પર ઊભેલી. તેના લગ્નને હજી માંડ ચાર વર્ષ થવામાં હતાં. તે બીજી સ્ત્રી ઘરમાં લાવેલો... જોરથી પવન ફૂંકાયો. ધૂળ ઊડી. તે ઝડપથી દરવાજામાં ઘૂસી રૂમ તરફ ચાલવા લાગી. શ્યામ બારણે જ ઊભેલો.

તેના પગ રૂમના બારણે જ જડાઈ ગયા. સામે પલંગ પર ફેલાઈને પડેલું શરીર, દરવાજા તરફ નમી પડેલું માથું, દરવાજાને તાકતી આંખો, કંઈક બોલવા ઉઘાડ્યું હોય તેવું અધખુલ્લું મોઢું... બે ડૉક્ટર ને ચાર બીજા મદદનીશ.

‘મેડમ, તમે જ અમિતા?’

‘હા’

‘અંદર આવો, તમારી જ રાહ જુએ છે.’

શ્યામ અંદર દોડી ગયો. અમિતા પાસે ગઈ. તેનું માથું ઓશીકા પર ગોઠવ્યું, ડૉક્ટરની મદદથી હાથપગ સરખા કરી શરીરને ગોઠવ્યું. જાણે વૃદ્ધ માણસનું શરીર. હાડપિંજર જેવા શરીરને જોઈ રહી. વાસુની આંખો, તેના ચહેરા પર સ્થિર થયેલી. શ્યામે હલાવીને કહ્યું, ‘મમ્મી’. તેણે વાસુના ચહેરા પર નજર સ્થિર કરી. આંખો ધીર-ગંભીર દરિયા જેવી, નજર મળતાં સ્હેજ સ્હેજ હલતાં, ધીરે ધીરે પગને પલાળતાં હળવાં મોજાં ઊઠવા લાગ્યાં. તે ધીમે ધીમે પલળવા લાગી. વાસુની આંખોમાં આજીજીની આંધી ઊઠી.

તે ઝડપથી પલંગ પર બેસી ગઈ. વાસુનું માથું પોતાના ખોળામાં લઈ માથા પર હાથ ફેરવવા લાગી. તેણે શ્યામની મદદથી હાથ અમિતાના ગળે વીંટાળ્યો. અમિતાએ હાથ પસવાર્યો. તેના સૂકા હોઠ પાણીથી ભીના કરી, પાણી પિવડાવ્યું. વાસુની આંખો તેની આંખોમાં સ્થિર થઈ, ઝળઝળિયાં આંસુ બની વહે તે પહેલાં માથું ઢળી પડ્યું. બધું જ પલકારામાં પૂરું થઈ ગયું.

શ્યામે ટેબલ પર પડેલાં પપ્પાનાં ચશ્માં લઈ લીધાં. પૅન્ટના એક ખિસ્સામાંથી નીકળેલી કાંડાઘડિયાળ જોતાં જ બાળપણમાં ઘણી વાર અંધારામાં ચમકતું ઘડિયાળ જોયાની સ્મૃતિ તાજી થઈ ગઈ. ઝટ કરતી ઘડિયાળ લઈ લીધી. બીજા ખિસ્સામાંથી પાકીટ નીકળ્યું. ડૉક્ટરે અમિતા સામે ધર્યું. શ્યામે લીધું. ખોલ્યું તો એક બાજુના ખાનામાં લાંબા કાળા છૂટા વાળવાળી છોકરીનો ફોટો. તેને નવાઈ લાગી.

‘મમ્મી, જો તો આ કોનો ફોટો છે?’

અમિતાએ ફોટો જોયો અને બોલી, ‘ખબર નથી.’

તે હૅન્ડબૅગ ઉપાડી ચાલવા લાગી.

*(‘પરબ’ માર્ચ, ૨૦૨૦)*

# કાવ્ય

## મારા વિના

ચન્દ્રકાન્ત ટોપીવાળા

(મિશ્રોપજાતિ)

મારા વિનાની પડશે સવાર!

જોનાર બે આંખ જતી રહેતાં
વધ્યું હશે થોડુંક સૂર્યતેજ
ને કાન બે લુપ્ત થતાંની સાથે
થોડોક પંખીરવ યે વધ્યો હશે!
ને નાસિકા ગાયબ થૈ જતાં તો
ફૂલોની થોડી બચશે સુગંધ!
જો મોં સિવાયું, બસ તો પછીથી
સૌ સ્વાદવિશ્વો અકબંધ રહેશે!
ને સ્પર્શયે જો ન રહ્યો, પછી તો –
હું રોકતો જે અવકાશ મારો
સદાય તે મુક્ત થઈ રહેશે!

મારા વિનાની પડશે સવાર!
અસ્તિત્વનો કોઈ હશે ન ભાર!

(‘પરબ’, માર્ચ ૨૦૨૦)

# કાળ્યકામાની જીભ

કથન : હાજરાબેન વીજળીવાળા
પુનર્કથન, લેખન : શરીફા વીજળીવાળા

[આ પુસ્તકની બધી જ વારતાઓ મેં નાનપણમાં મારી બા પાસેથી સાંભળેલી. મોટા થયા પછી અમુક અંશે આ વાર્તાઓ વીસરાઈ પણ ગઈ'તી. પણ હવે હું વૅકેશનમાં ઘરે જાઉં ત્યારે, આની આ જ વાર્તાઓ મારી બા મારી ભત્રીજીઓને કહેતી હોય અને હું પડીપડી સાંભળતી હોઉં ત્યારે મને આ વાર્તાઓની કહેવાની લઢણે, બાળકોને જકડી રાખતા વાર્તારસે ફરી આકર્ષી. મનમાં પડેલી વાર્તાઓ જીવતી થતી ગઈ અને મને આ વાર્તાઓ સાચવી લેવા જેવી લાગી. શક્ય એટલા અંશે કાઠિયાવાડી લહેકો જાળવવાની કોશિશ મેં કરી છે. ને તોય બોલી અને લિપિ વચ્ચે થોડુંક છેટું તો પડવાનું જ. – શરીફા.]

**(આ સાથે વાર્તાના પઠનનું ધ્વનિઅંકન પણ મૂક્યું છે. પઠન શરીફા વીજળીવાળાનું છે. –સંપાદક)**

એક હતી કણબણ્ય. એના ઘર્યે ઘણુંય દુઝાણું. મજાની ગાયું ને ભેશું લાટ[1] બધી, પણ હાહુ વાલામૂઈ એવી તો ગોલી કે વઉને કાંય ખાવા નો દ્યે. ખાવાના હડફાનેર તાળું દ્યે ને ચાવિયું હંધી ગૂંજે લયને ફરે.

હવે ભાય, એક દિ' વઉને લાડવા ખાવાનું બોવ મન થ્યું. પણ વાલામૂઈ હાહુ તો દિ આખો માથે ને માથે જ હોય. કરવું કેમનું? જીવ બાળતી બાળતી વઉ તો પાદરે પાણી ભરવા ગઈ. પાંહે જ મહાણ. ગામમાં કો'ક મરી ગ્યું હશે તે હજી મડું બળતું'તું. વઉ બીજી હેલ્ય ભરવા ગઈ તંયે હાંડામાં ગોળનો ગાંગડો ને ચપટીક અમથો લોટ લેતી ગય. હવે ભાય નદીના કાંઠે જ કાળ્યકામાનું મંદિર. વઉએ તો નદીમાંથી પાણી લઈ લોટ બાંધ્યો. મડું બળતું'તું ન્યાં કણે જઈ શેકી નાખ્યો. કાળ્યકામાના દિવેલિયાંમાંથી પાવળુંક ઘી લીધું ને ગોળ નાખ્યો. વાળ્યો મજાનો લાડવો. લાડવો ખાયને ધરાયને પાણી પીતીક બાય તો ધમ ધમ કરતીકને વય ગય ઘર્યે.




હવે ભાય કાળ્યકામાને સડ્યો કાળ. હું માણહનાં તૂંબલાંનોઉ હાર પેરનારી, માણહ માતર મારા નામથી થથરે ને માળી આ બાય મારા દિવેલિયાં ઠાલવી ગઈ!! કાળ્યકામા તો ભાય રિહાણાં તે ઊંધાં ફરીને બેહી ગ્યાં. ગામના ભામણે પૂજા કરવા જ્યાં બાયણાં ઉઘાડ્યાં ને એના ડોળા ફાટી ર્‌યા. મા તો અવળાં ફરીને બેઠાં'તાં! એ ભાય, ભામણે તો માડીને ઘણુંય મનાવ્યાં, હાથેપગે લાગ્યો... 'માડી, હવળાં ફરો...' પણ માડી ધરાર નો ફર્યાં. ભામણ તો હડી કાઢતોક ગામમાં ગ્યો. મુખીને

કીધું કે મા અવળાં ફરી ગ્યાં સે ને લાખ મનાવ્યાં તોય હવળાં નથી થાતાં. મુખી ગ્યાં મંદિર.. એણેય માને વીનવી જોયાં... એમ કરતાં કરતાં વાત ઠેઠ રાજા હુધી ગઈ. રાજા પંડ્યે અડવાણા પગે આવ્યા. પણ મા નો ફર્યાં તે નો જ ફર્યાં. ઘડીકની વારમાં તો ગામ આખામાં કાળ્યકામાના રિહામણાની વાતું થાવા મંડી.

એમાં ભાય ઓલી કણબણ્યના કાને આ વાત ગઈ. ઈ હંધુય હમજી ગઈ. ઈ તો લાજ કાઢી, ઘાઘરો સડ્ય-ફડ્ય કરતીક ગઈ મંદિરે. જઈને કયે કે બધા બારા નીહરો, અબઘડી માતાજીને હવળાં કરી દઉં સું. ઈ ભાય એણ્યે તો હંધાયને બારા કાઢી બારણાં કર્યાં બંધ. જઈને ઊભી રય કાળ્યકામાની પાંહે. હાથ લાંબા કરીને કયે : 'એલી બાય, લોટ મારા ઘરનો, ગોળ મારા ઘરનો, પાણી લીધું નદીમાંથી ને લોટ શેક યો મહાણે. એક તારું ટીપુંક ઘી લીધું એમાં તું આવડી રિહાણી! હવળી ફરીને બેહી જા નકર તારી ખેર નથી. હવામણ પૂણી દય જાશને તો કાંતી કાંતીને ઠેડ નીકળી. જાશે.' કાળ્યકામા તો સડપ દેતાંક હવળાં ફરી ગ્યાં. ગામ આખું વઉનાં વખાણ કરવા મંડ્યું.

રાત્ય પડીને હડમાન રોજની જેમ કાળ્યકામાને મળવા આવ્યા. બેનનું મોં નિમાણું ભાળ્યું એટલે પૂશ્યું : 'કાં બેન, કાંય થ્યું?' કાળ્યકામા કયે 'અરે ભાય, તું વાત નો પૂશ. આજ એક કણબણ્ય આવી'તી. ભાર્યે માથાભાર્યે. એક તો મારું ઘી લય ગય ને  ઉપરથી મને ડાટી દેતી ગય કે હવામણ પૂણિયું દય જાશ તો કાંતી કાંતીને ઠેડ નીકળી જાશે...' હડમાન કયે, 'એમ? એવી માથાભાર્યે બાય હતી? તો તો મારે જોવી પડશે. આજ જાવા દે એના ઘર્યે –કાળ્યકામાએ હડમાનને ઘણાય વાર્યાં ને તોય ઈ તો ગ્યા. રાતના અંધારે બાયણાંની આડશે ઊભા રૃયા. ઓલી બાયની નણંદે ફળિયામાંથી હાદ કર્યો : 'એ ભાભી, જરીક વેલા ઊઠજો, દોઢ મણનું દયણું સે આજ...' ભાભીય જીભે ક્યાં મોળી હતી? એણે ઘરમાંથી જ રાડ્ય નાખી, 'મારી ઊઠે સે બલા રાત્ય. ઈ તો દળશે હડમાન..' બાયણાં આડે ઊભેલા હડમાનને ધ્રાસકો પડ્યો. માળી બાય સે ને કર્યાફાટ્યની... મારી બેનને તો કાંતવાની ઠાલી બીક દેખાડી પણ મારા માથે તો હાચકલું આ દોઢ મણનું દયણું ઝીંકાણું. હવે? આ હંધાય ખાટલા-ભેળા થાય તો હું દળવા બેહું ને? જેવાં બધાં આડાપડખે થયાં કે હડમાન તો બેહી ગ્યા ઘંટીયે ને ભાય ઈ તો મંડ્યા રમરમાવવા. શાર વાગ્યા ન્યાં તો ઢગ કરી નાખ્યું દોઢેય મણ દયણું. પશી ભાગ્યા. પૂગ્યા કાળ્યકામા પાંહે. જયને હાહભેર ક્યે : 'બેન તને તો કાંતવાનું કીધું'તું પણ મારી પાંહે તો જો, ઈ બાઈએ દોઢ મણ દયણું દળાવ્યું. મારા હાથ તો જો!!' હડમાનની દસેય આંગળિયુંમાં ફરફોલા ઊઠ્યા'તા. ઈ ભાળતાંવેંત 'હેં? કરતીકને કાળ્યકામાની જીભ વેંત્ય એક બારી નીહરી ગઈ.

આ તે દિ'ની ઘડીથી કાળક્યામાની જીભ બારી જ સે.

૧. લાટ : ઘણી ૨. હડફો : રોટલા-શાક-અથાણાં વગેરે રાખવાની લાકડાંની પેટી. ૩. તુંબલાં : ખોપરી

*(બાની વાતું, ૧૯૯૯, ૨૦૦૬)*

**પઠન:**
**શરીફા વીજળીવાળા**

# ચાલતાંચાલતાં


## વાડીલાલ ડગલી (૧૯૨૬-૧૯૮૫)



મારા ખાસ બે શોખ – ચાલવાનો અને ચર્ચા કરવાનો. આ બેમાંથી કયો વધારે પ્રિય શોખ એ કહેવું મુશ્કેલ છે. જેની સાથે આપણે કાંઈ નાહવાનિચોવવાનું ન હોય એવા વિષયો વિશે મિત્રો સાથે ચર્ચા કરું છું ત્યારે જિંદગી જીવવા જેવી લાગે છે. પણ બને છે એવું કે આ ચર્ચા ચાલતાંચાલતાં વધુ ઉત્તેજક બને છે. આથી એકાદ મિત્ર સાથે ચાલતાં ચાલતાં ચર્ચા કરવાનો અવસર મળે તો હું રાજી થાઉં છું. ચાલતાંચાલતાં ચર્ચા કરું છું ત્યારે મને 'મોસાળમાં મા પીરસે' તેવો બેવડો લાભ મળે છે.

એવું નથી કે મને એકલા ચાલવાનો કંટાળો આવે છે. મને તો ચાલવાનો વિચાર જ એટલો રોચક લાગે છે કે કોઈ પણ ઘડીએ ચાલવાનું મળે તો હું એને વધાવી લઉં છું. ચાલીએ ત્યારે શરીરને વધુ ઑક્સિજન મળે છે અને શરીરની અંદર બળતણની ક્રિયા વધુ સક્રિય બને છે. આખાયે શરીરને મૃદુ વ્યાયામ મળે છે. મને ઘણીવાર એમ લાગે છે કે આપણે જ્યારે ચાલીએ છીએ ત્યારે શરીર એની જૂની કાંચળી ઉતારી નવી કાંચળી પહેરે છે. ચાલવા ગયા એ પહેલાં જે શરીર હતું એ શરીર ચાલવાનું પૂરું કર્યા પછી રહેતું નથી. આમ જોઈએ તો જ્યારેજ્યારે હું ચાલું છું ત્યારે મારો કાયાકલ્પ થાય છે.

કાયાકલ્પ કેટલો થતો હશે એ વિશે હું ચોક્કસ માહિતી ન આપી શકું. પણ મારા મનમાં ચાલતાંચાલતાં કોઈ નવા પ્રાણનો સંચાર થાય છે એ વિશે હું બેધડક કહી શકું. મને એમ લાગે છે કે જ્યારે હું ચાલું છું ત્યારે મારું મન આશાભરી સૃષ્ટિમાં પ્રવેશે છે. મન પરથી જડતાનાં જાળાં હટી જાય છે. મનના ઓરડામાં પ્રકાશ ફરી વળે છે. કશું જ મુશ્કેલ લાગતું નથી.




હું કૉલેજમાં ભણતો હતો ત્યારે ઘણા યુવકોની જેમ હું પણ ક્યારેક કવિતા લખતો હતો. એક વખત ચાલતાંચાલતાં મારું મન એટલું આશાસભર થઈ ગયું કે મારી એ સમયની મુશ્કેલ આર્થિક પરિસ્થિતિ તુચ્છ લાગવા માંડી અને આપણે ચાલતાંચાલતાં જ એવું કહી નાખ્યું :

**હથેળી બે વચ્ચે મુસીબત ધરીને મસળશું.**
**નવી દૃષ્ટિ જોરે અનુકૂળ નવા ઘાટ ઘડશું.**

આ ચાલવાના આશાભર્યા જાદુને કારણે મારા પગમાં એવી ગતિ આવી કે કોઈ પણ ખાસ સાધન-સગવડ વિના સાનફ્રાન્સિસ્કોની શેરીઓમાં હું ચાલવા પહોંચી ગયો. આને હું ચાલવાનો ચમત્કાર કહું તો વાચક મને માફ કરે. હું કોઈ ચમત્કારમાં માનતો નથી. આ એક જ ચમત્કારમાં માનું છું.

આમ તો આપણે લગભગ ચોવીસે કલાક ભૌતિક જીવનમાં રમમાણ હોઈએ છીએ. ચાલીએ છીએ ત્યારે તંદ્રામાં પડેલું મન જાગે છે. જેવું મન જાગ્યું કે તરત માનસિક ચેતના આપણા વિચારોને વેગવંતા કરે છે. આનું પરિણામ એ આવે છે કે જે વસ્તુ ભૌતિક જીવન જીવતી વખતે સાવ અશક્ય લાગતી હતી એ વસ્તુ હવે એટલી અશક્ય લાગતી નથી. ઘટમાં ઘોડા નવી ક્ષિતિજો આંબવા થનગનાટ કરે છે અને કોઈ અણદીઠી ભોમ ઘરઆંગણા જેટલી પરિચિત લાગે છે. હું આને ચાલવાનો ચમત્કાર કહું છું.

સાચું પૂછો તો હું ચાલું છું ત્યારે મારા મનમાં શેખચલ્લી પ્રવેશે છે. શેખચલ્લી પ્રત્યે મારો ખાસ પક્ષપાત છે. દુનિયા તો સફળતાના ઘરનાં પગથિયાં ઘસે છે. શેખચલ્લી સફળ ન થયો એ એનો ગુનો. અંગત જીવનમાં મને સફળતાના પરિણામ કરતાંયે સફળતા પહેલાંની પ્રક્રિયામાં વધુ રસ છે. હું ચાલું છું ત્યારે મારા મનમાં સ્વપ્નોની ભરતી આવે છે. આ સમયે શરીરનું બંધન મને ખાસ સતાવે છે. આથી ચાલતાંચાલતાં મેં એક વાર ગાઈ નાખેલું :

**મેરુ માપતા મનને આપી**
**પાતળી કાગળકાયા !**

મારે એ પણ કહેવું જોઈએ કે જે વખતે હું ચાલું છું ત્યારે મન પોતાની વાત એટલા આવેગથી શરીરને કહે છે કે તે પણ ચાબુક વાગતાં ઘોડાગાડીના માયકાંગલા ઘોડાઓ દોડવા માંડે તેમ દોડવા માંડે છે. આમ જ્યારે હું ચાલું છું ત્યારે મારું મન અને શરીર બન્ને, સ્વપ્નો ચરિતાર્થ કરવા ઊંચાંનીચાં થાય છે. ઘણીવાર એવું બને છે કે ચાલવાનું અર્ધું મૂકી મારે ઘરભણી પાછા વળવું પડે છે. પગ ટેલિફોન ભણી કે ટેબલ પરના લખવાના પેડ ભણી વળે છે અને જ્યાં લગી એ પ્રબળ વિચારનો નાના પણ કર્મમાં મોક્ષ થતો નથી ત્યાં લગી મારો અજંપો શમતો નથી.

મને કેટલીક વાર એમ પૂછવામાં આવે છે કે 'તમે પરિચય ટ્રસ્ટ કઈ રીતે ઊભું કર્યું?' મારો ટૂંકો અને સાચો જવાબ એ છે કે 'ચાલતાંચાલતાં'. આ જવાબ કોઈને જરા ચાલાકીભર્યો લાગે તેવો સંભવ છે. પણ આ સાચો જવાબ છે. શ્રી યશવંત દોશી અને હું પરિચય ટ્રસ્ટ સ્થપાયું એ પહેલાં મુંબઈ શહેરના સાંતાક્રૂઝ, શિવાજી પાર્ક, મરીન ડ્રાઇવ અને ગ્રાંટરોડના રસ્તાઓ પર કેટકેટલા દિવસ કેટકેટલા માઈલો ચાલ્યા હોઈશું!

પરિચયનું નામ પણ મને ચાલતાંચાલતાં જ સૂઝેલું. આ નામ સૂઝ્યું ત્યારે મને એટલો આનંદ થયેલો કે એ સમયે પાઠકસાહેબની આ પંક્તિ મારા હોઠે ચડી ગઈ :

જંઘા સપુષ્પ થઈને ફળે છે ચાલનારની.

પાઠક સાહેબની વાત નીકળી ત્યારે મારે કહેવું જોઈએ કે તેમનો 'શતપથ બ્રાહ્મણ'ના શ્લોકોનો અનુવાદ 'ચાલ્યા જ કર' (શેષનાં કાવ્યો) મારી એક પ્રિય કવિતા છે. મારા જીવનમાં આ

કવિતાએ સાવ શબ્દાર્થમાં એન્જિન જેવું કામ કર્યું છે. જ્યારે હું નિરાશ થયો હોઉં કે મારા હાથપગ ઢીલા થાય ત્યારે હું –

**બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું,**
**સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું.**

–કોઈ મંત્રની જેમ રટું છું અને એવું બને છે કે હું બેઠો હોઉં તોયે ચાલતાં ચાલતાં મને જે ઉલ્લાસ થાય છે એવો ઉલ્લાસ આ બે પંક્તિઓ રટતાં હું અનુભવું છું. અને પછી પાછો હું કોઈ ભરતીનાં મોજાં પર બેઠો હોઉં એવો આનંદ મને થાય છે.

મારી એવી એક મહત્ત્વાકાંક્ષા રહી છે કે નિયમિત સવારે ફરવા જવું. મહત્ત્વાકાંક્ષા હું એટલા માટે કહું છું કે આ હું કદી કરી શક્યો નથી. રાતના મોડે સુધી વાંચવાની મને આદત છે. સાચું પૂછો તો રાતના દસ વાગ્યા પછી જ મારું ખરું જીવન શરૂ થાય છે. રાતના વાંચવાનું પડતું મૂકું તો જ સવારે વહેલા ઉઠાય અને ફરવા જવાય. આમ થતું નથી એટલે મેં મારા મન સાથે આવું સમાધાન કર્યું છે. વહેલી સવારે સૂવું અને મોડી સાંજે ફરવા જવું અને ફર્યા પછી પથારીમાં પડ્યા પડ્યા વાંચ્યા કરવું. ફરતી વખતે અપાર્થિવ જગતની મનને જે ઝાલક વાગે છે એનો પુસ્તકોની દુનિયામાં થોડો વધુ સ્વાદ મળે છે. આમ જોઈએ તો ચાલવાનો અને વાંચવાનો આનંદ મને ઘણીવાર એકસરખો લાગે છે. ફરક કેવળ માત્રાનો છે.

સાંજના ચાલવાની વાત કરું છું ત્યારે મારે એક બીજી વાત કરવી જોઈએ. સાંજના હું અને મારી પત્ની સાથે ફરવા જતાં હોઈએ છીએ. આનું પરિણામ એ આવ્યું છે કે સાથે નિરાંતે ચાલવાના પ્રતાપે અમે એકબીજાને વધુ ઓળખી શક્યાં છીએ. આને કારણે મેં દામ્પત્યજીવનની પ્રસન્નતા ઘણીવાર અનુભવી છે. કામની ધમાલમાં કે ઘરના રોજિંદા વાતાવરણમાં જે વસ્તુ મને અપ્રિય લાગે એ જ વાત ચાલતાંચાલતાં સાંભળું ત્યારે સાવ મામૂલી લાગે છે. અમે જ્યારે સાંજના સાથે ચાલવા જઈએ છીએ ત્યારે અમારા દામ્પત્યજીવનના તીક્ષ્ણ ખૂણાઓ પર કોઈ અદૃશ્ય રંદો ફર્યા કરે છે. સ્થૂળ દૃષ્ટિએ જ્યારે અમે સાથે ચાલતાં હોઈએ છીએ ત્યારે અમારાં મન એકબીજા ભણી ચાલતાં હોય છે.


તમને એવો અનુભવ થયો છે કે તમે જ્યારે ચાલતા હો ત્યારે તમારું મન જરા ઉદાર બનતું હોય છે? આપણે કોઈની ક્ષુદ્રતા ઉપર ગુસ્સે થયા હોઈએ અને અનાયાસે ચાલવા જઈએ અને એ ક્ષુદ્રતાને યાદ કરીએ ત્યારે એકાએક પ્રમાણભાન આવે છે. આપણને એમ લાગવા માંડે છે કે એ વ્યક્તિની સારી બાજુ પણ એટલી બધી છે કે આ ક્ષુદ્રતાને એક અકસ્માત ગણવો જોઈએ. મને ચાલતાંચાલતાં આવા સમયે કેટલીક વાર એવા પણ વિચાર આવ્યા છે કે આવી ક્ષુદ્રતા મારા પોતાનામાં ક્યાં નથી?

આમ કેટલીક વાર ચાલતાંચાલતાં સામા માણસની ઊજળી બાજુ વધુ ઊજળી દેખાય છે. આપણી મર્યાદાઓ તરત નજરે ચડે છે. આ બેવડા દબાણને પરિણામે ક્રોધ ઓસરી જાય છે અને મન હળવું ફૂલ થઈ જાય છે. જ્યારે હું ચાલતો હોઉં છું ત્યારે મારું મન કાજીની ખુરશી ઉપરથી નીચે ઊતરી પડે છે અને સંસારને સમજવાનો પ્રયત્ન કરે છે.

*('શિયાળાની સવારનો તડકો',૧૯૭૫; અહીં લલિત નિબંધ સંચય-માંથી)*

# કાશીનો પંડિત

## રમણલાલ સોની (૧૯૦૮-૨૦૦૬)



પ્રાણિયા ગોરનો સોમલો પેલો પંડિત થઈ ને આયો,
બાર વરસ કાશીમાં રહીને પદવી લાંબી લાયો !
પ્રાણદત્ત-સુત સોમદત્ત હું ધર્મશાસ્ત્ર-માર્તંડ,
કાવ્યતીર્થ હું, તર્કતીર્થ હું મૂર્તિમંત અખંડ!
સંસ્કૃતમય ભાષા એ બોલે, અલંકાર-સમદ્ધ,
'જાગ્યો' એવું નહિ બોલે એ, બોલે : 'અહં પ્રબુદ્ધ!'
પાણીને કહે જલ, વાસણને પાત્ર, દૂધને દુગ્ધ,
ઘીને ઘૃત, સાકરને શર્કરા, સાંભળનારા મુગ્ધ!
માથે ચકરી પાઘડી મૂકે, ખભે રેશમી ખેસ,
ચાખડીઓ પગમાં, ને બંડી! એ પંડિતનો વેશ!
તમે 'મજામાં' બોલો, તો પંડિતજી કહેશે 'કુશલ',
તમે કહો 'સાંબેલું' તો પંડિતજી કહેશે 'મુશલ!'
તમે કહો સાઈકલ તો પંડિત દ્વિચક્રી કહેવાના,
તમે કહો રેલવે તો પંડિત અગ્નિરથ કહેવાના!
આગબોટને અગ્નિપોત, ને 'પ્લેનને વાયુયાન,
સાહેબને ગૌરાંગ કહે, ઑફિસને કર્મસ્થાન
એક સમે પંડિત જતા'તા ગામ, વાટમાં ભૂલ્યા,
કોઈ અભણ નારીના ઘરની સામે આવી પૂગ્યા!
થાક ભૂખ લાગ્યાં'તાં ભારે, તરસે જાતા પ્રાણ,
કહ્યું બાઈને: 'અત્ર પ્રાપ્ય છે અન્ન અને જલપાન?'
આંખો ફાડી ખાઈ જોઈ રહી : કોણ હશે આ પ્રાણી?



વેશ ભલો માણસનો દેખું, બોલી નહિ વરતાણી!
કહે બાઈ : હે ભાઈ અજાણ્યા, બેસ, જરી પી પાણી!'
પંડિત કહે : 'નહિ પાણી, જલ! છે ભ્રષ્ટા તારી વાણી!'
બાઈ બીજું ના સમજી, સમજી 'નહિ પાણી' બે બોલ,
તે બોલી : 'તો દૂધ પીઓ જરી નાખી સાકર ગોળ!'
પંડિત બોલ્યોઃ 'નહિ દૂધ, રે દુગ્ધ કહો! નહિ સાકર,
કહો શર્કરા! દુગ્ધશર્કરા! અહો મધુરસ-સાગર!
'નહિ દૂધ નહિ સાકર!' એટલુ' સમજી બાઈ બીચારી,
એને થયું : 'આ બાપડાને કંઈ લાગુ પડી બીમારી!'
તે બોલી : 'કંઈ દવા દારૂ જોઈએ તો કહેજો, ભાઈ,
ભૂતને યે ખંખેરી કાઢે એવો મારો જમાઈ!'
'જમાઈ જમાઈ કિમ બોલે? નારી, જમાઈ નહિ, જામાતા?
સ્વયં શુદ્ધ અભિધાનહીન તે નહિ જ્ઞાતા, નહિ ત્રાતા!'
બાઈ સાંભળી ગુસ્સે થઈ ગઈ : પીટ્યા, ગાળો દે છે?
'જીવતાજાગતા જમાઈ ને તું 'જમાઈ નહિ' એમ કહે છે?
'દોડજે એલા જમાઈ; પીટ્યો અપલખણો કોઈ આયો,
'સમજ પડે નહિ એવી મૂઓ મોંમાં ગાળો લાયો!'
ડંગોરો લઈ જમાઈ દોડ્યો, પંડિતને માંડ્યો ધોવા,
ભૂલી શુદ્ધ ભાષા પંડિતે પ્રાકૃતમાં માંડ્યું રોવા!'

(રમણલાલ સોનીનાં બાળકાવ્યો-માંથી એક અંશ)


# ઔર ગાડી છૂટ જાય....

ઉર્વીશ કોઠારી

રોજેરોજ સવારે સ્ટેશને પહોંચીને નિશ્ચિત ટ્રેન પકડવી, એ કેટલાય લોકોનો નિત્યક્રમ હોય છે. તેમાંના ઘણાખરા લોકો ગૌરવભેર કહેશે, 'આટલાં વરસથી હું આવ-જા કરું છું, પણ કદી ગાડી ચૂક્યો નથી.'

કોઈ ગુલામ 'મારી સાંકળનો ચળકાટ બિલકુલ ઓછો થયો નથી' એમ કહીને પોરસાય, એવી આ વાત છે. કદી ગાડી ન ચૂકવાનો દાવો કરનાર પોતાની નિયમિતતાની દાદ માગે છે, પણ પોતાના જીવનના યંત્રવત્‌પણાનો તેને કદી અહેસાસ થતો નથી. સ્વાભાવિક છે, કારણ કે ગાડી ચૂક્યા પછીની બિનઆયોજિત અને અયંત્રવત્ પળોનો આનંદ અનુભવવા માટે એક વાર ગાડી ચૂકવી પડે.

ગાડી ચૂકવામાં ઘણા લોકોને બેઇજ્જતી લાગે છે – ખાસ કરીને કાયમી અપડાઉન કરનારા લોકોને. વરસના વચલા દહાડે ટ્રેનમાં મુસાફરી કરતા લોકો અપડાઉન કરનારા પ્રત્યે અહોભાવની નજરે જોતા હોય છે : 'તમે તો હંમેશાં રાઇટ ટાઇમે આવો, નહીં?', 'તમે તો હંમેશાં રોંગ સાઇડથી ચડો, નહીં?', 'તમે તો ગમે ત્યાં જગા કરી લો, નહીં?' આ પ્રકારનાં પોરસ ચડાવનારાં વાક્યો સાંભળીસાંભળીને લાંબા ગાળે અપડાઉન કરનાર પોતાના મહત્ત્વ વિશે ભ્રામક ખ્યાલો ધરાવતો થઈ જાય છે. તેમાંનો એક ભ્રમ હોય છે : 'ગાડી મને લીધા વિના કદી જાય જ નહીં.' ભૂતકાળમાં ઘણી વાર ઘરેથી મોડા નીકળ્યા પછી, અણધારી લિફ્ટ મળી જવાથી કે ટ્રેન મોડી પડવાથી ભ્રમ વધારે મજબૂત બને છે, પણ મજબૂતી અને ટકાઉપણા વચ્ચેનો ફરક સમજવા બહુ રાહ જોવી પડતી નથી.




કોઈ એક પ્રભાતે ભ્રમધારી જીવ સ્ટેશને પહોંચે ત્યારે ઉજ્જડ પ્લૅટફૉર્મ જોઈને તેને પહેલો વિચાર આવે છે : 'શું વાત છે? હજુ કોઈ દેખાતું કેમ

નથી?’ બીજો વિચાર આવે છે : ‘જરૂર આગળની કોઈ ટ્રેન મોડી હશે અને તે હમણાં જ ગઈ હશે. એટલે રોજિંદા મુસાફરો તેમાં જતા રહ્યા હશે.’ પરંતુ આ બન્ને ધારણાઓ ખોટી છે અને તેની કાયમી ટ્રેન જતી રહી છે, એવું જાણ્યા પછી ભ્રમ ભોંયભેગો થાય છે. તેને સૌથી પહેલો માનહાનિનો અહેસાસ થાય છે. ટ્રેન રાઇટ ટાઇમે આવી ને જતી રહી તે બદલ રેલવે સામે માનહાનિનો દાવો ન થાય એટલું તે જાણે છે, પણ તેને ચિંતા સમાજની છે. ‘દુનિયાને હું શું મોં બતાવીશ? પાકીટ ઝુલાવતોઝુલાવતો હું પાછો ઘરના રસ્તે જઈશ અથવા બીજી ટ્રેનની રાહ જોતો સ્ટેશનના એક બાંકડે બેઠો હોઈશ અને કોઈ મને પૂછશે, તો હું શો જવાબ આપીશ? એવા વિચારો તેને ઘેરી વળે છે. પછીની ટ્રેનના ઓળખીતા મુસાફરો આવવાના શરૂ થાય, એટલે તે હસતો ચહેરો રાખવાનો મરણિયો પ્રયાસ કરતાં કહે છે, ‘આજે થોડું કામ હતું. એટલે મને થયું કે ગાડી ચૂકી જવાય તો ભલે, પણ કામ પતાવીને જ જઉં. કામ વહેલું પતી ગયું અને ગાડી આજે બીફોર (ટાઇમ) હતી, એટલે...’ જાડી ચામડી ધરાવતા કેટલાક લોકો કહે છે, ‘આપણે કશી ઉતાવળ નથી. ક્યાંય પહોંચવાનું નથી. આપણે તો આ બેઠા.’ તેમને પાતળી ચામડીવાળા લોકો કહે છે, ‘આવું ને આવું રાખશો તો જીવનમાં ક્યાંય પહોંચી નહીં શકો અને બેઠેલા જ રહેશો.’

ઘરેથી દસ મિનિટ મોડા નીકળીને સ્ટેશને પહોંચતાં ખબર પડે કે ગાડી જતી રહી, તો જરાય આઘાત લાગતો નથી. એ સંજોગોમાં ગાડી આવવાની બાકી છે, તે જાણીને સુખદ આઘાત લાગે છે. ગાડી ક્યારની નીકળી ગઈ, એ જાણ્યા પછી ગાડી ચૂકી જનાર કહે છે, ‘હું તો પાછળની ગાડી/બસમાં જ આવવાનો હતો, પણ આ તો વહેલો તૈયાર થઈ ગયો એટલે થયું કે સ્ટેશને પહોંચી જવામાં શું જાય છે? ઘેર પણ બેસવું ને સ્ટેશને પણ બેસવું.’ ‘ગાડીએ પોતાની ફરજ બજાવી અને હું મારી ફરજ બજાવું છું. એમાં કકળાટ શાનો? એવો ભાવ રાખીને તે સમય પસાર કરે છે. કેટલાક લોકો, ઘરેથી જ કકળાટ કરતા નીકળે છે. તેમના કકળાટનું મુખ્ય નિશાન સામેનું પાત્ર (પતિ અથવા પત્ની) હોય છે. ‘હું ક્યારની કહ્યા કરું છું કે જલદી કરો. ગાડી કંઈ તમારી સગલી નથી. થોડા માટે ચૂકી જઈશું તો કલ્લાક બેસી રહેવું પડશે.’ પુરુષપ્રધાન સમાજમાં આ સંવાદ મોટે ભાગે પુરુષોના મોઢે સાંભળવા મળે છે. એવાં દંપતીને સ્ટેશને પહોંચ્યા પછી જાણવા મળે કે ગાડી જતી રહી છે, ત્યારે કોણ પહેલું શરૂઆત કરે એ જ જોવાનું હોય છે. મોટે ભાગે પહેલું છાંછિયું પતિ કરે છે, કારણ કે ગાડી જતી રહી હોવાના સમાચાર એ લઈ આવે છે. પોતાની અક્કલ ગઈ હોય એટલા અફસોસથી મોં બગાડીને એ કહે છે, ‘ગઈ.’ સામે પક્ષે પણ ગરમ વાસણમાં પાણી પડે એવો છુંકારો થાય છે, ‘જાય જ ને. મને ભાષણ આપ્યા કરવાને બદલે વેળાસર તૈયાર થયા હોત કે વહેલા આવીને ટિકિટ પણ લઈ લીધી હોત તો?’ બન્ને પક્ષો રેલવે-અકસ્માતની જવાબદારીમાંથી છટકી જતા રેલવેમંત્રીની જેમ, પોતાના દોષનો ટોપલો બીજાના માથે ઢોળવાનો પ્રયાસ કરે છે. બન્નેમાંથી જે પક્ષનો ઇતિહાસ પાકો હોય, તે ગાડી ચૂકવાના જૂના દાખલા ટાંકીને તેમાં પોતાની નિર્દોષતા અને સામા પક્ષની ખરડાયેલી પ્રતિષ્ઠાને આગળ ધરે છે. ‘પેલી વખતે પપ્પુડિયાની જાનમાં જવાનું

હતું ત્યારે પણ તારા લીધે ગાડી ગઈ હતી ને અહીંથી ખાસ રિક્ષા કરીને જવું પડ્યું હતું. રૂપિયા દોઢસોનો ખાડો થયો હતો ને મૂરખ ઠર્યાં તે અલગ.' સામો પક્ષ પેંતરો બદલીને કહે છે, 'શું ઉકાળી લીધું રિક્ષામાં જઈને? પપ્પુડિયો તમારા વિના કુંવારો રહી ગયો હતો? ઊબડા પડીને દોડી ગયા, પણ ત્યાં તમારો કોઈએ ભાવ પણ પૂછ્યો?'

'આક્રમણ એ જ ઉત્તમ સંરક્ષણ'ની નીતિ કારગર સાબિત થાય છે. થોડા છમકારા પછી બન્ને પક્ષોને સમજાય છે કે આ રીતે કોઈની આબરૂમાં વધારો થતો નથી. એટલે 'હવે શું કરવું છે?' એની ચર્ચા શરૂ થાય છે, પણ ત્યાર પહેલાં આવેશમાં આવીને પ્રતિજ્ઞાઓ જાહેર કરવામાં આવે છે. તે વડા પ્રધાનો દ્વારા ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લા પરથી જાહેર કરાતી પ્રતિજ્ઞા જેવી જ, મુખ્યત્વે ભાવનાપ્રધાન અને 'ફીલગુડ' ટાઇપની હોય છે. દા. ત., 'હવે જ્યારે ટ્રેનમાં જવાનું થાય ત્યારે કલાક વહેલા તૈયાર થઈ જવું અને ઘરેથી અડધો કલાક વહેલા જ નીકળી જવું. ભલે સ્ટેશન પર આવીને બેસી રહેવાનું થાય.'


ગાડી ચૂકવાનો સૌથી નાટ્યાત્મક પ્રકાર છે : પ્લૅટફૉર્મ પરથી ગાડીનો છેલ્લો ડબ્બો જતો જોવો. આ દૃશ્ય ગાડી ચૂકનારને ફિલસૂફ બનાવી શકે છે. જે ગાડીમાં શાનથી આરૂઢ થવાનું હતું, એ ગાડી નજર સામેથી ચાલી ગયાનો આઘાત ઓછો નથી હોતો. 'તુમ હોતી તો એસા હોતા, તુમ હોતી તો વૈસા હોતા' જેવી કાવ્યાત્મક સ્ટાઇલમાં ગાડી ચૂકનારને વિચારો આવે છે કે ગાડી મળી ગઈ હોત તો આમ થાત અને તેમ થાત. દેવદાસપ્રકૃતિના લોકો ગાડીના છેલ્લા ડબ્બાને ક્યાંય સુધી જતો જોઈ રહે છે. એ ટ્રેનમાં તેમની પ્રિયતમા સવાર થઈને કાયમ માટે ચાલી ગઈ હોય, એટલું દુઃખ તેમને થાય છે. ડબ્બો દેખાતો બંધ થાય એટલે એ લોકો બાંકડા પર ફસડાય છે. ટ્રેન જતી રહેવાને કારણે ખાલી પડેલો બાંકડો પણ તેમને વારંવાર ટ્રેન છૂટી ગયાની જ યાદ અપાવતો રહે છે. એ આઘાતમાંથી બહાર નીકળવા માટે ગુજરાતમાં સોફ્ટ ડ્રિન્કથી કામ ચલાવવામાં આવે છે, પણ એ ગળે ઊતરતું નથી. ગાડી ગઈ. હવે સૉફ્ટ ડ્રિન્ક શું ને ઝેર શું? એવો નિરાશાવાદ વ્યાપી રહે છે.

બધા ગાડી ચૂકનારા એકસરખા હોતા નથી. ગાડીને નજર સામે જતી જોઈને જાણે એ જ તકની રાહ જોતા હોય તેમ ચા-નાસ્તાના સ્ટૉલ પર પહોંચી જનારા વિરલા પણ હોય છે. સ્ટૉલ પર જઈને ઑર્ડર આપતાં એ લોકો કહે છે, 'કેટલાય દહાડાથી ભજિયાં ખાવાં હતાં, પણ મેળ પડતો ન હતો. રોજ કમબખ્ત ગાડી મળી જતી હતી. છેવટે આજે તક મળી છે. ભાઈબંધ, ભજિયાં સાથે એક સમોસું પણ મૂકજે. શું ચાલે છે બીજું? એવા લોકોને ચૂકી ગયાનો ગાડીને અફસોસ થતો હશે?

*(બત્રીસે કોઠે હાસ્ય,૨૦૦૮)*

# કલકત્તા

ભોળાભાઈ પટેલ (૧૯૩૪-૨૦૧૨)




## ફેબ્રુઆરી ૨૭

ઇચ્છ્યું એમ હતું કે સવારમાં હાવરા આવે તે પહેલાં જાગી જવું, ગાડીમાં જ શેવિંગ, બ્રશ વગેરે કરી લેવું. પણ ગાડી છેક પ્લૅટફૉર્મમાં પ્રવેશી ત્યારે જ જાગ્યો. જલદી જલદી સામાન લપેટી લીધે. પ્લૅટફૉર્મ પર ઊતરી દસબાર ડગલાં ચાલું તો સામે સાક્ષાત્ શિવકુમારભાઈ! મહાનગરના ભારે ભીડભર્યા પ્લૅટફૉર્મ પર આપ્તબંધુને જોતાં કે તો આનંદ થયો હશે!

કલકત્તા અઢાર વર્ષ પછી આવતો હતો. વચ્ચેનાં વર્ષોમાં કલકત્તા કેટલું બધું બદલાઈ ગયું હશે! સતત વાંચતા હતા કલકત્તાની વધતી જતી વસ્તી વિષે, પથરાઈ રહેતી ગંદકી વિષે, નકસલ આંદોલનો વિષે... પણ આ સવારે જ્યારે સૂર્યના ડોકાવા સાથે જ મેં કલકત્તામાં પગ મૂક્યો ત્યારે કચરાના ગંજ પણ અસુન્દર ન લાગ્યા. આ હાવરાબ્રિજ, અને નીચે વહેતી હુગલી. શિવકુમારભાઈ વેગથી કાર ચલાવતા હતા. હજી અવરજવર વધી નહોતી. કલકત્તા ગમતું જતું હતું! ગાડી શરત બોઝ રોડની એક ઇમારતમાં પ્રવેશી. 'દર્શના.' શિવકુમારભાઈનું ઘર.

ઘરમાં પ્રવેશી સામાન મૂકીએ, તે વખતે જ બાજુના રૂમનું બારણું ખોલી સાક્ષાત્ ઉમાશંકરભાઈ 'ગુડમોર્નિંગથી અભિવાદન કરી રહ્યા હતા. તેઓ ગઈ કાલે સાંજે જ કલકત્તા આવી ગયા હતા. અમે શિવકુમારભાઈને ત્યાં મળવાના હતા એ નક્કી હતું, તેમ છતાં તેમને જોઈને આનંદ થઈ રહ્યો. સત્યવતીબહેને ચાનો ગરમ પ્યાલો હાથમાં આપી દીધો. ચા પીધા પછી બ્રશ, સ્નાન આદિ. 'દર્શના'ના ચોથે માળે શિવકુમારભાઈના નિવાસમાં પૂર્વ દિશાની બારીમાંથી પ્રભાતનાં સૂર્યકિરણોય અભિવાદન કરી રહ્યાં હતાં.




ત્યાં બારણું ઊઘડ્યું અને શિવકુમારભાઈના પ્રતિબેશી-પડોશી કનુભાઈ ભાલરિયા અને જ્યોતિબહેન પ્રવેશ્યાં. કનુભાઈ તરત જ જતા હતા જમશેદપુર. સ્વાગત અને વિદાય સાથે જ કહેવા આવ્યા હતા. ઉમાશંકરભાઈ પણ આજે જ બપોરના નીકળી જવાના હતા. પટણામાં જે. પી. ની તબિયતના ખબર કાઢી પછી દિલ્હી જવાના હતા. પણ તે પહેલાં તેઓ કલકત્તાની સાહિત્ય અકાદેમીની પ્રાદેશિક કચેરીની મુલાકાતે જવાના હતા.

તેઓ તૈયાર થઈ નીકળ્યા. મનેય સાથે લીધો. રવીન્દ્ર સરોવર આવ્યું. રવીન્દ્ર સરોવરની પેલી વાત, સ્ત્રીઓની સામૂહિક છેડતીની, યાદ આવી.

આખી વાત જ ઘડી કાઢવામાં આવેલી ને! રવીન્દ્ર સ્ટેડિયમમાં છે અકાદેમીની ઑફિસ. અકાદેમીના પ્રાદેશિક મંત્રી હતા શ્રી શુભેન્દુબાબુ. પહેલાં શાંતિનિકેતનમાં બંગાળીના અધ્યાપક હતા. અહીં થતાં પ્રકાશનોની વાત નીકળી. મણિપુરીમાં અને ઓડિઆમાં કેમ ઓછાં પ્રકાશનો છે, તેનાં કારણો અકાદેમીના અધ્યક્ષ પ્રાદેશિક મંત્રીને પૂછી રહ્યા હતા. અધ્યક્ષની ચિંતા સકારણ હતી. મણિપુરવાસીઓને તો સતત ભારતના મુખ્યપ્રવાહથી અલગ હોવાની લાગણી થયા કરે છે.

થોડીવાર પછી ઘેર આવી, જમી, ઉમાશંકરભાઈને ઍરપોર્ટ પર મૂકવા નીકળ્યા. સતુબહેન અને રુચિર પણ સાથે હતાં. ઍરપોર્ટ પર ઉમાશંકરભાઈએ એક અસમિયા સાહિત્યકારની ઓળખાણ કરાવી. મહેશ્વર નેઓગ. તેમના એક પુસ્તક ‘શંકરદેવ’નો ગુજરાતી અનુવાદ કર્યો હતો, એટલે પાંચસાત મિનિટની મુલાકાત પણ આત્મીયતાભરી બની રહી.

સાંજના ચાર વાગ્યે જાદવપુર યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગને આશ્રયે વાર્તાલાપ ગોઠવ્યો હતો, આયોજક હતા સુવીર રાયચૌધુરી. રાયચૌધુરી ન્હાનાલાલ શતાબ્દી વખતે અમદાવાદ આવ્યા હતા, એ અને કવિ સુભાષ મુખોપાધ્યાય. તે વખતે બંને સાહિત્યકાર સાથે યશવંતભાઈ તથા હું તેમની ઇચ્છાથી ‘ગુજરાતના એક ગામડા’ની મુલાકાતે પણ ગયા હતા. વળી ઘરે પણ આવેલા અને બકુલ સાથે ક્રિકેટ રમેલા.

રાયચૌધુરીને મારા કલકત્તા આવવા વિષે પત્ર લખ્યો હતો. કંઈક તારીખની સમજણફેર થવાથી એ તો ગઈ કાલે જ શિવકુમારભાઈને ત્યાં આવી ગયા હતા. આજે મને લેવા તેમના વિભાગનાં વિદ્યાર્થિની શ્રીમતી શુકલા બસુ આવ્યાં હતાં. રૂપાળાં અને વાચાળ. તેમના પતિ માનવેન્દ્ર અમદાવાદમાં નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ ડિઝાઇનમાં ઑફિસર છે. તેઓ અમદાવાદ પણ આવેલાં છે, કદાચ એ રૂએ તેઓને મોકલ્યાં હશે.

જાદવપુર કલકત્તાનો જ એક વિભાગ છે, કહો કે દક્ષિણ કલકત્તા. કલકત્તામાં કલકત્તા યુનિવર્સિટી ઉપરાંત આ બીજી યુનિવર્સિટી છે. (એક રવીન્દ્ર ભારતી યુનિવર્સિટી પણ છે) મૂળ તે નેશનલ કૉલેજ, જેના આચાર્ય શ્રી અરવિંદ એક કાળે હતા, તેમાંથી આ યુનિવર્સિટી બની છે. અનેક વિભાગો છે. દેશની કદાચ એક માત્ર યુનિવર્સિટી છે, જ્યાં ‘તુલનાત્મક સાહિત્ય’ – (કમ્પેરેટિવ લિટરેચર’)નું સ્નાતક અનુસ્નાતક કક્ષાએ અધ્યાપન થાય છે.

અહીં આવતાં જ અંગ્રેજી વિભાગના અધ્યક્ષ (એ દિવસે જ જેમણે અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો) કવિ જગન્નાથ ચક્રવર્તી અને દેવવ્રત મુખોપાધ્યાય તથા વિશ્વનાથ ચટ્ટોપાધ્યાય મળ્યા. આ ત્રણે છ વર્ષ પહેલાં ભરાયેલ અખિલ ભારતીય અંગ્રેજીના અધ્યાપકોની કૉન્ફરન્સમાં અમદાવાદ આવ્યા ત્યારે થોડા દિવસ મારે ઘરે રહ્યા હતા. જગન્નાથ ચક્રવતીને સૌ પ્રથમ મળવાનું થયેલું પતિયાળાની પી. ઈ. એન.માં. અમે સાથે ચંડીગઢ ભાખરા નાંગલની મુસાફરી કરેલી. તે વખતે તેમના સરળ, પ્રસન્ન કવિ વ્યક્તિત્વનો પરિચય થયેલો.

જાદવપુર યુનિવર્સિટીમાં બંગાળીમાં લખતા અનેક કવિઓ લેખકો છે. તરુણ કવિ માનવેન્દ્ર બંદોપાધ્યાય મળ્યા, બુદ્ધદેવ બસુના પુત્ર શુદ્ધશીલ બસુ (જેમની એક વાર્તા ગુજરાતીમાં

અનુવાદિત થઈ છે– 'સત્ય પ્રસન્ન વિષે પહેલું અને છેલ્લું') તેય મળ્યા. બધા ખૂબ રાજી થયા – અન્યોન્યને મળીને. ઉપરાંત અહીં છે પ્રસિદ્ધ બંગાળી કવિ શંખ ઘોષ અને પ્રણવેન્દુ દાસગુપ્ત. પ્રણવેન્દુ 'અલિન્દ' નામે સામયિક ચલાવે છે, કવિતા અને કાવ્ય વિવેચનનું. એ બધા કવિઓ બંગાળી વિભાગમાં છે.

તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષ શ્રી નરેશ ગુહને મળ્યા. આ વિભાગ શરૂ કર્યો હતો કવિ શ્રી બુદ્ધદેવ બસુએ. પ્રાજ્ઞ કવિ સુધીન્દ્રનાથદત્તે પણ આ વિભાગમાં સેવાઓ આપી હતી. વિભાગના વિદ્યાર્થીઓ આગળ 'અદ્યતન ગુજરાતી સાહિત્યના પ્રવાહો' વિષે વાત કરી. ૨૫ વિદ્યાર્થીઓના આ વિભાગમાં બહેનોની સંખ્યા ધ્યાન ખેંચતી હતી. શરૂઆતમાં થોડાં વાક્યો હું બંગાળીમાં બોલ્યો—પછી અંગ્રેજીમાં. છેલ્લે ઉપસંહારમાં મેં એમ કહેલું કે બંગાળીઓ વિષે અમારામાં એવી છાપ છે કે તેઓ ભારતવર્ષમાં માત્ર બંગાળી સાહિત્યને જ સૌથી સમૃદ્ધ ગણે છે, અને અન્ય ભારતીય ભાષાઓના સાહિત્ય પ્રત્યે ઉપેક્ષાભાવ ધરાવે છે. તેઓ અનુવાદ કરે છે, પણ પરદેશી ભાષાઓમાંથી, ભારતીય ભાષાઓમાંથી તો ભાગ્યે જ. તુલનાત્મક સાહિત્યના આ અભ્યાસક્રમમાં પણ વિદેશી સાહિત્યનો બંગાળી સાહિત્યસંદર્ભે અભ્યાસ થાય છે, પણ ભારતીય સાહિત્યનો નહિવત્.

શ્રી નરેશ ગુહે કહ્યું કે આ વર્ષથી તેમણે ભારતીય સાહિત્યનો અભ્યાસક્રમ પણ લીધો છે. અમને ભારતીય સાહિત્યની કૃતિઓના સારા અનુવાદો મળતા નથી, એ અમારી મુશ્કેલી છે..

મેં કહ્યું, અમે ગુજરાતીઓ બીજી ભાષાઓમાંથી અનુવાદ કરીએ છીએ તેમ બંગાળીઓએ બીજી ભાષાઓમાંથી બંગાળીમાં અનુવાદો કરવા જોઈએ. કેટલાય બંગાળીઓ ગુજરાતી જાણે છે, પણ કદાચ બીજી ભારતીય ભાષાઓમાંથી અનુવાદ કરવામાં સ્વભાષાગર્વ આડે આવે છે, પરદેશમાંથી અનુવાદ કરવામાં એ આડે નથી આવતો.

વાત એવી હતી કે તેઓ ના પાડી શકે તેવી સ્થિતિમાં નહોતા. તેમણે, છતાં કહ્યું, વધારે ને વધારે ભારતીય સાહિત્યને 'ઇન્ટ્રોડ્યુસ' કરવાનો અમારો ખ્યાલ છે. ગુજરાતી સાહિત્યના અંગ્રેજીમાં ઉત્તમ અનુવાદો હોય તો કહો–એનો મારી પાસે તરત જવાબ નહોતો. અંગ્રેજી વિભાગના અધ્યાપકોએ પણ વાર્તાલાપમાં ભાગ લીધો. વાર્તાલાપ જીવંત બની રહ્યો. વાર્તાલાપ પછી રાયચૌધુરીએ મને પરિચય કરાવ્યો ફાધર રોબર્ટ આંતવાનો. તેઓ આ જ વિભાગમાં અધ્યાપક છે. ફાધર આંતવાએ બેલ્જીયમમાંથી ગ્રીક અને લેટિન કલાસિક્સમાં ડિગ્રી લીધેલી છે અને કલકત્તા યુનિવર્સિટીમાંથી સંસ્કૃતમાં અનુસ્નાતકની ડિગ્રી. સંસ્કૃતમાં તેઓ રચનાઓ કરે છે, એટલું જ નહિ તેનું 'ગાન' પણ કરે છે. તેમણે સાત ગ્રીક ટ્રેજેડીનો મૂળ ગ્રીકમાંથી અને વર્જિલના લેટિન મહાકાવ્યનો મૂળ લેટિનમાંથી બંગાળીમાં અનુવાદ કર્યો છે. (એક બંગાળી અનુવાદકના સહયોગથી) કાલિદાસના રઘુવંશનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. રામાયણના અધ્યયનનો તેમનો એક ગ્રંથ તો શ્રી રાયચૌધુરીએ મને આપ્યો–'રામ એન્ડ ધ બાર્ડ્જ, એપિક મેમરી ઇન ધ રામાયણ.'

શક્તિઓ મર્યાદિત છતાં, મને કંઈક આવો આદર્શ રાખવાનું ગમે.

કલકત્તા આવીએ અને નાટક ન જોઈએ તે ચાલે? અને તેમાંય શિવકુમારભાઈ જ્યારે યજમાન હોય ત્યારે? શિવકુમારભાઈએ 'જગન્નાથ' નાટક માટે ટિકિટ લઈ રાખી હતી.

કલકત્તામાં રંગમંચ જીવતી જાગતી હસ્તી છે. પરંપરાગત રંગભૂમિ અને પ્રયોગશીલ રંગભૂમિ—બન્નેની યુગપત્ ઉપસ્થિતિ. બાદલ સરકારનું કોઈક નાટક જોવાની ઇચ્છા હતી; પણ આ દિવસોમાં એનું મંચન નહોતું. શિવકુમારભાઈએ 'જગન્નાથ'ની ભલામણ કરી હતી –એ પોતેય નાટકના માણસ, સાથે આવ્યા.

જગન્નાથ એક ગામડાગામનો મજૂર માણસ છે, જ્યાં ગામના જમીનદારનું શોષણ તો છે જ; જગન્નાથને અન્ય સૌ પણ પ્રતાડિત કરે છે. મંદિરની એક ઓરડીમાં તે સૂવે છે. ક્યારેક ખાવા પણ મળે નહિ. માર અવશ્ય મળે. બધા એની મશ્કરી-મજાક કરે. ત્યાં જમીનદારની દાસીનો થોડો સ્નેહ એને મળે. પણ એથી જમીનદારને ત્યાં કામ મળતું તે પણ બંધ થઈ જાય. એને બદલે બીજા માણસને લેવામાં આવે છે. બન્ને લડે છે, પણ જગન્નાથ પહોંચી શકતો નથી. એ જ ગડદાપાટુ, માર, આ બધું તે સહે છે. ગામમાં ક્રાન્તિકારીઓ આવે છે. જગન્નાથ એમની સાથે જોડાવા માગે છે, પણ જગન્નાથ પકડાય છે અને દેહાંતદંડની સજા પામે છે, ક્રાન્તિકારીઓને મદદ કરનાર તરીકે. એને તો એનો ખ્યાલે ય નથી.

આવા એક માણસ વિષે એક જીવનચરિતકારને સાચું વૃત્તાન્ત લખવું છે. નાટક આ ચરિતલેખનકારની સમસ્યાથી શરૂ થાય છે. વૃત્તાન્તને ચરિત્ર કહેવું, આત્મકથા કહેવી, ઇતિહાસ કહેવો? – મંચનો એવી રીતે ઉપયોગ થાય છે કે એક બાજુ વચ્ચે વચ્ચે જીવન-ચરિતકાર આવે, બીજી બાજુ ચરિતનાયકના જીવનની ઘટનાઓ આવે.

જગન્નાથને બહુ જ ઓછું બોલવાનું છે. પણ એનું આખું શરીર બોલે છે. અભિનયમાં કાયાનો એવો પ્રભાવકારી ઉપયોગ જવલ્લે જ જોવા મળે. શરીર જાણે મીણનું ન હોય. નાટક ક્રાંતિનો સંદેશ આપે છે—મધ્યવર્ગીય માનસ પ્રત્યે વિરોધ જગવે છે. જગન્નાથ કંઈ કરી શકતો નથી, અલબત્ત માનસિક વિજયોમાં રાચે છે. પણ એમાંથી જ પ્રબળ યુયુત્સાનો ભાવ ભાવકના ચિત્તમાં પ્રકટી રહે છે.

આમેય બંગાળમાં, વામપંથી વિચારસરણી વધારે પુરસ્કૃત થાય છે. વચ્ચે તો અનેક કલાકારો અને બુદ્ધિ જીવીઓ માટે માઓ આદર્શ હતા. માઓ માત્ર ચીનના નહિ, 'તેમના' પણ ચેરમેન હતા! અને આ નાટક પણ ચીનની એક લઘુનવલનું નાટ્યરૂપાંતર છે. પરોક્ષ રીતે ચીનની ક્રાંતિની ભૂમિકા સાથે, બંગાળી કલાચેતનાની સગોત્રતા સ્થપાય છે.


મૂળ લેખક છે લુ શુન. અને કૃતિનું નામ છે—'આહ ક્યુની સાચી વાત' (અંગ્રેજી – 'ધ ટ્રુ સ્ટોરી ઑફ આહ ક્યૂ). એ વાર્તા લખાઈ છે. ૧૯૨૧માં, પણ તેમાં સમયગાળો છે ૧૯૧૧નો. બંગાળ પણ લગાતાર ક્રાંતિકારીઓનો પ્રદેશ રહ્યો છે. ત્યાંની ભૂમિકામાં નાટક સ્વાભાવિકપણે જડાઈ જાય છે. ચીની વાર્તાનું બંગાળી નાટ્યરૂપાંતર અને મંચન પ્રશંસા માગી લે તેવાં હતાં. જગન્નાથ એક ચરિત્ર તરીકે ક્યારેય ભુલાશે નહિ.

રાત્રે જમ્યા પછી વાત કરી—નાટકની. વાતમાં સતુબહેન, જ્યોતિબહેન અને રુચિર પણ જોડાયાં. રુચિર તો કલાકાર. ઉત્તમ ચિત્રકાર તો છે જ, વાર્તાકાર અને કવિ પણ. હજી તો પ્રેસિડેન્સી કૉલેજનો અંડર ગ્રેજ્યુએટ છે–મિત્રો સાથે હમણાં એક દસ્તાવેજી ફિલ્મ ઉતારવાની ધૂનમાં છે. તેની પ્રાથમિક ફોટોગ્રાફી કરે છે.

(પૂર્વોત્તર)

# હળવી કાવ્યરચનાનું લાક્ષણિક કવિકર્મ

રમણ સોની




## એક રાજપૂત ટેકના મધ્યકાલીન કિસ્સાના દુહા

સાંભળો છો કે શાયબા, મારી કાયા કરમાણી,
એક માખીને કારણે મારી ઊંઘું વીંખાણી. ૧

પોઢી હતી પલંગમાં વસમા દી વૈશાખ,
વાયરો રૂંહે ગ્યો વાલમા, મારે મોઢે બેઠી માંખ! ૨

ઉડાડું તો ઊંઘ ઊડે, ને ઓઢું તો અકળાઉં,
ધાડ પડે ધોળે દીએ, હું લાખેણી લૂંટાઉં. ૩

રે’વું ન તારા રાજમાં, મર કાળા કળેળે કાગ,
નીંદર ના’વે નેનમાં, મારે અંગે ઊઠે આગ. ૪

ડાબો મેલ્યો ડાયરો, ને જમણી જળની વાટ,
પરણી પિયર સંચરી, અરે દૈવે વાળ્યો દાટ! ૫

હાલક હૂલક થૈ રહ્યું, જાણે ચૌટે પેઠો ચોર,
ગરજ્યો. ગઢવી ઓટલે, જ્યમ ગરકે ગીરમાં મોર. ૬

કાળી ટીલી કનકની, ખોટ ખતરિયાં વટ્ટ,
ધિંગાણાં ધોળે દીએ, તેને ઝીંકે નહીં ઝાપટ્ટ. ૭

ધિક્ હજો ધરણીપતિ, તું મૂછો શેની મરડ?
પરણી-પોસાણી નહીં, તારો ઠાલો મેલને કરડ! ૮

વે’લો આવે વીઠલા, મારે હાથ નથી. હથિયાર,
આ મે’ણાથી મુકાવવા, તું ચઢજે મારી વા’ર ૯

વેગે ધાયો વીઠલો, કરતો કપરી કૂચ,
મે’ણિયાતે માથું ધર્યું, તેની મૂંડી નાખી મૂછ! ૧૦

ધન રાણી, ધન ચારણા, ધન રાજા ભરથાર!
ધન વાળંદા, વીઠલા, મે’ણાં ફેડણહાર! ૧૧

– રામનારાયણ પાઠક ‘શેષ’ (૧૮૮૭-૧૮૫૫)

*[‘શેષનાં કાવ્યો’, ૧૯૩૮માંથી]*

મધ્યકાલીન દુહાનું પઠન:

શક્તિસિંહ પરમાર

સર્જક તરીકે રામનારાયણ પાઠકની એક આહ્‌લાદક વિશેષતા તે એમની વિનોદવૃત્તિ. એમના નિબંધોના સર્જનાત્મક સ્વૈરવિહારમાં એમનાં નર્મ અને મર્મ પ્રસન્નતાથી ઊઘડેલાં છે; એટલું જ નહીં, એમની કેટલીક જાણીતી વાર્તાઓમાં ને એમની થોડીક કાવ્યકૃતિઓમાં પણ, પૂરી સજ્જતાવાળી, ઉત્તમ પ્રકારની વિનોદ-શક્તિનો – હા, શક્તિનો પરિચય મળે છે.

ઉપરના સ્વાદ્ય કાવ્યનો આસ્વાદ કરીએ એ પહેલાં એમના એવા જ એક બીજા કાવ્યની અછડતી વાત કરી લઈએ? એ કાવ્ય છે 'નટવરલાલજીનો ગરબો.' નટ-વર કૃષ્ણ વિશે મધ્યકાળમાં સરસ ગરબા લખાયા છે ને એમાં કૃષ્ણનાં શૃંગાર-ભક્તિભર્યાં પરાક્રમ પણ વર્ણવાયેલાં છે; પરંતુ અહીં તો પહેલી જ પંક્તિમાં વિનોદ-વિસ્ફોટ થાય છે : 'નટવરલાલજી રે ચૌટે શાક લેવા ચાલ્યા!' હવે, પેલા મહાન પૌરાણિક નાયકને બદલે આપણી સામે આવી ગયેલો આ સામાન્ય વાસ્તવિક માણસ, જે પત્નીનો કહ્યો શાક લેવા ચાલ્યો છે; એ તે વળી શાં પરાક્રમ કરી શકવાનો હતો – એમ થાય આપણને; પરંતુ એ જે પરાક્રમ કરે છે : મિત્રો સાથે ફિલમના દોઢ શો જોઈને મોડી રાતે પાછો ફરે છે ને પત્ની રાધાવહુ (હા, પત્નીનું નામ રાધા છે એ માન પણ કવિએ આ વરજીને આપ્યું છે!) પોતાના નટ 'વર'ની વળી જે ફિલમ ઉતારે છે એનો રસ પામવા તો તમારે કાવ્ય જ વાંચવું રહ્યું, જૂનો ઢાળ, પ્રાસ, નામ-આવર્તન એવી પ્ર યુક્તિઓ પર કવિનો કાબૂ છે એ પણ આ વિનોદ-કૃતિને કાવ્યનો મોભો આપે છે. રાધાવહુના છણકા સાથે 'ઉમામહેશ્વર' કાવ્યનાં પાર્વતીનો અને 'જક્ષણી' વાર્તાની નાયિકાનો છણકો પણ જરાક સરખાવવા જેવા છે. અસ્તુ.

હવે ઝટ મૂળ કાવ્ય પર આવી જઈએ. અહીં પણ શીર્ષક ગંભીર છે – લાગે કે મધ્યકાળના કોઈ જૂના દુહા આપણી સામે – દસ્તાવેજી રીતે રજૂ થાય છે. ટૂંકી વાત એ કે અહીં 'ટેકના કિસ્સા'ની વાત છે – 'શૂરા બોલ્યા ના ફરે' એવી પ્રતિજ્ઞાવાળા જુસ્સાભર્યા વીરરસના તો કેટકેટલા કિસ્સાથી આખો મધ્યકાળ ખીચોખીચ ભરેલો છે! અહીં તો વીરત્વની કસોટી એક જુદા પ્રકારની કટોકટી ઊભી કરે છે – એની મજા છે. એક શૃંગારિક ટહુકાથી કાવ્ય આરંભાતું હોય એવું 'લાગે' છે : 'સાંભળો છો કે શાયબા, મારી કાયા કરમાણી,' રાણીનો યૌવનોદ્‌ગાર શૃંગારની ટોચે પહોંચે છે પહેલી પંક્તિમાં, પણ કડીની બીજી જ પંક્તિ રમૂજની ટાંકણીથી એ ફુગ્ગાને જાણે ફોડી નાખે છે. એક દુષ્ટ માખી (= રાજાની દુશ્મન) રાણીની બપોરની કીમતી ઊંઘ ('ઊંઘું' બહુવચન જ એ કેટલી કીમતી છે એ બતાવી આપે છે!) સાવ 'વીંખી' નાખે છે. અહીંથી જ આ કાવ્યમાં પ્રતિ-વીરરસ કે વ્યાજવીર (મોક હીરોઈક) દાખલ થઈ જાય છે! રજવાડી દબદબો તો એવો ને એટલો જ છે – અપમાન અસહ્ય લાગ્યાથી રાણીનું રિસાવું, આખા નગરમાં વ્યાપી જતો સન્નાટો, ગઢવીનો પ્રચંડ ફિટકાર, રાજાના ક્ષત્રીવટ (ખતરિયાં વટ્ટ;) સામે ઊભો થતો કટોકટીભર્યો પડકાર અને એનું ક્ષત્રિયોચિત નિરાકરણ. એ ટેકીલાં કાર્યોનાં કવિએ જે પ્રતિકાર્યો રચ્યાં છે એ એટલાં જ સમ-રેખ રહ્યાં છે – વીર રસની સામે જાણે હાસ્ય રસે હોડ બકી છે!

કાવ્યમાં અટક્યા ત્યાંથી આગળ જઈએ : રાણી કથે છે કે વૈશાખના વસમા તાપમાં જરીક પોઢી હતી, ને વાલમા, (ધિક્કાર છે તને કે) 'વાયરો રૂહે ગ્યો.' (રાજાની આજ્ઞાની પવને પણ ઐસીતૈસી કરી?!) માખીએ કેવો તો ત્રાસ કર્યો : 'ઉડાડું તો ઊંઘ ઊડે, ને ઓઢું તો અકળાઉં!' એક માખીએ એવી ધાડ પાડી (રાજા, તારા ચક્રવતી રાજ યમાં), કે 'હું લાખેણી લૂંટાઉં,' (ને તેં શું કર્યું, વાલમા?) હવે સાંભળો સામ્રાજ્ઞીની આગઝરતી શાપવાણી. (કોઈ પણ પૌરાણિક – મધ્યયુગીન અપમાનિત સામ્રાજ્ઞી નારીના કોધ  કરતાં જરાય ઊતરે એવો છે આ ક્રોધ?) છંછેડાયેલી રાણી જાહેર કરે છે - 'રે'વું ન તારા રાજમાં' ને શાપ આપે છે 'મર કાળા કળેળે કાગ' (ભલે કાગડા ઊડે એવું ધ્વસ્ત થઈ જતું તારું રાજ!) 'કાળા કળેળે કાગ'નો. ભયાનક 'ક'-કાર ફરીથી સાંભળો, આસ્વાદ હાસ્યરસનો, નિરૂપણ ભયાનકનું! એ કીમિયો છે.

હવે ગતિશીલ દશ્ય જુઓ : 'ડાબો મેલ્યો ડાયરો...' રાણી રાજધાની છોડી ચાલ્યાં! રાણીને પિયર ચાલ્યાં જવું પડે એ રાજાનું કેવું દુર્ભાગ્ય?  – 'અરે દૈવે વાળ્યો દાટ !'

ગુજરાતી ભાષાની જૂની-નવી શબ્દસંપત્તિ પર કવિની – આ વિદગ્ધ અને વિનોદી કવિની – કેવી પકડ છે! જુઓ : 'હાલકહૂલક' થઈ રહ્યું. નગરમાં ખળભળાટ મચી ગયો – વાત ફેલાઈ ગઈ પણ સર્વ નગરજનો જાણે ચૂપ.

પણ ખરો કવિ, ખરો રાજધર્મી કડખેદ, ખરો પત્રકાર, (અને આજની ભાષામાં કહીએ તો ખરો માસમીડિયાકાર) ગઢવી, એ ચૂપ રહે? એક જ પંક્તિ આખા પ્રસંગનું ને એની અભિવ્યક્તિનું મહત્ત્વ ઉપસાવી દે છે : 'ગરજ્યો ગઢવી ઓટલે જેમ ગરકે ગીરમાં મોર.'

ગઢવીની બે જ કડી (ચાર જ પંક્તિ)ના ઉદ્‌ગારો રાજાના વીરત્વને ઢંઢોળીને જાગ્રત કરવા માટે પૂરતા થઈ પડે છે. અરે આ તો 'કાળી ટીલી', આ તો ક્ષત્રિયધર્મની બલકે ક્ષત્રિયની ભીષ્મપ્રતિજ્ઞાની કારમી 'ખોટ.' અલ્યા, ધોળે દિવસે ધિંગાણું થયું ને તારાથી ઝાપટ પણ ન મરાઈ? ગઢવી જ કરી શકે (ખરો સત્ય/ સ્પષ્ટ-વક્તા!) એવો ફિટકાર છે : 'ધિક્ હજો ધરણીપતિ!' – 'ધરણીપતિ'ને પણ 'ધિક્' કહી શકે છે એ! ગઢવીનો લહેકો સાંભળો : 'તું મૂછો શેની મરડ?'

હાસ્યકથા (કાવ્ય)નું સૌથી મહત્ત્વનું પાત્ર તે સાવ ચપ્પટ થઈ ગયેલો રાજા! (કેવો હતો? - 'શાયબો', 'વાલમો', 'ધરણીપતિ.') એ હવે કહે છે : 'મારે હાથ નથી હથિયાર!' (એ પોતાને જ જાણે હવે 'ધિક્' કહેતો સંભળાય છે આપણને...) એવું દયાપાત્ર થઈ ગયું છે આ પાત્ર કે માથું ઊંચું રાખીને ફરનાર હવે માથું નીચું ધરે છે, ને અંતિમ પાત્ર નિર્ણાયક બને છે – 'ધન વાળંદા વીઠલા, મે'ણાં ફેડણહાર!'

કાવ્યમાં સાદ્યંત, પંક્તિએ પંક્તિએ, ઉદ્‌ગારે ઉદ્‌ગારે, શબ્દે શબ્દે, પ્રાસે પ્રાસે જે મજા આવે છે એ હાસ્યકાવ્યના એક લાક્ષણિક કથાવિધાનને કારણે ને ખાસ તો એના વિશિષ્ટ રચનાવિધાનને કારણે.

આખું કાવ્ય એક રીતે તો વિડંબનાનું છે. વિડંબના પ્રતિજ્ઞાપાલક ક્ષત્રિયવટની છે. ('ખતરિયાં વટ્ટ' એ તળપદ શબ્દપ્રયોગ જ, એક ઝાટકે 'વીર'ને વિડંબનામાં પલટાવી દે છે!) આ કાવ્યના પ્રસંગમાં ઊપસતી ખરી સમસ્યા તો એ છે કે રાજા મોટી ધાડને પાદરેથી પરાસ્ત કરી શકે પણ એક માખીના ત્રાસને શી રીતે પહોંચી વળે! બે કારણે : રાજા રહ્યો. દરબારમાં, ને ધાડ પડી લાગલી જ રાણીવાસમાં ! છેક અંતઃપુરમાં તો રક્ષક કોણ? ને રાજા ધારો કે રાણીની પાસે હોત તો પણ, મક્ષીરાણીને પહોંચી વળી શક્યો હોત? વિચારણીય પ્રશ્ન છે!

પ્રસંગવિધાન હાસ્ય નિષ્પન્ન કરે છે પણ એને સતત રસપ્રદ રાખે છે કાવ્યનું રચનાવિધાન, મધ્યકાલીન સામંતશાહી વાતાવરણને અને એ માનસિકતાને કવિએ ખૂબીથી ઝીલ્યાં છે. એમાંના ઉદ્‌ગારો, સંબોધનો, તળ શબ્દપ્રયોગો વ્યાજવીરને, પ્રતિ-વીર-રસને ચગવવામાં ખપે લગાડાયાં છે. દુહામાં કડીના પ્રાસ તો હોય, 'કરમાણી-વીંખાણી, 'મરડ-ઠરડ' વગેરે તો સ્વાભાવિક છે. (જોકે એમાં પણ રાજા'ભરથાર'ની સામે વિઠ્ઠલ (મેણાં) 'ફેડણહાર' ચમત્કૃતિ-જનક છે. પરંતુ આ કાવ્યમાં મજા તો વર્ણ-અનુપ્રાસની, આંતર્-પ્રાસની છે. દરેકેદરેક પંક્તિમાં, બલકે દરેકેદરેક ચરણમાં પ્રાસ-યુક્ત શબ્દો સંભળાય છે : સાંભળો-શાયબા, કાયા-કરમાણી, એ પછી પ-પ, વ-વ, મ-મના પ્રાસ; ક્યાંક તો ત્રણ-ત્રણ પ્રાસની રમઝટ છે : 'કાળા કળેળે કાગ', અંગે ઊઠે આગ, ગરકે ગીરમાં મોર (આંતર્પ્રાસ જુઓ : 'ગ' અને 'ર'ની ગૂંથણી), હાથ નથી હથિયાર, વે'લો આવે વીઠલા... વગેરે. ભાષાની સજ્જતા, હાસ્યરસની પછીતે રહેલા વીરરસના મૂળ વાતાવરણની જાણકારી (રામનારાયણ પાઠકની 'ઉત્તર માર્ગનો લોપ', 'છેલ્લો દાંડક્ય ભોજ' જેવી વાર્તાઓમાં તે તે દેશ-કાળની, એ સમયની સાહિત્ય અને સમાજ-પરંપરાની એમની જાણકારી ઉત્તમ વાર્તા નિપજાવવામાં કેવી સક્રિય બની શકી છે!) એ બધું પણ આ કાવ્યને વધુ ઝીણું સ્પષ્ટકારક બનાવે છે.

એટલે મૂછ મુંડાવી નાખી ક્ષાત્રધર્મ પાળતા રાજાનો ઠઠ્ઠો આલેખાયો છે એટલા સપાટ સ્તરે ચાલતું સામાન્ય વિનોદકાવ્ય બનવાને બદલે આ કાવ્ય, વિવિધ પ્રયુક્તિઓથી વિનોદને ઘૂંટતું, એને વધુ આસ્વાદ-યોગ્ય કરતું એક મહત્ત્વનું કાવ્ય છે.

'નટવરલાલજીનો ગરબો'ની વિગતે વાત વળી ક્યારેક.

*('બુદ્ધિપ્રકાશ', ઑક્ટોબર ૨૦૧૯)*

# એકત્ર ઈ-બુક્સ


## ગુજરાતીનાં સ્મરણીય પુસ્તકોની
## રમ્ય અને સંતર્પક ઈ-બુક શ્રેણી

અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ । નારાયણ દેસાઈ
અપરાજિતા । પ્રીતિ સેનગુપ્તા
અમાસના તારા । કિશનસિંહ ચાવડા
અમૃતા । રઘુવીર ચૌધરી
અરધી સદીની વાચનયાત્રા - ૧- ૪ । સં. મહેન્દ્ર મેઘાણી
અલગારી રખડપટ્ટી । રસિક ઝવેરી
અશ્રુઘર । રાવજી પટેલ
આપણો ઘડીક સંગ । દિગીશ મહેતા
કંકાવટી । ઝવેરચંદ મેઘાણી
કુરબાનીની કથાઓ । ઝવેરચંદ મેઘાણી
ખરા બપોર । જયંત ખત્રી
ખાંભીઓ જુહારું છું । ઝવેરચંદ મેઘાણી
ગાંધીજીની જીવનયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
ગિજુભાઈની બાળવાર્તાઓ । ગિજુભાઈ બધેકા
ગીતામંથન । કિશોરલાલ મશરૂવાળા
જનાન્તિકે । સુરેશ જોશી
જીવનનું પરોઢ । પ્રભુદાસ ગાંધી
જેલ ઓફિસની બારી । ઝવેરચંદ મેઘાણી
તિબેટના ભીતરમાં । સં. મહેન્દ્ર મેઘાણી
ત્યારે કરીશું શું? । લિયો ટોલ્સટોય
દિવ્યચક્ષુ । રમણલાલ વ. દેસાઈ
પદ્મિની । કૃષ્ણલાલ શ્રીધરાણી
પૂર્વાલાપ । કાન્ત - મણિશંકર રત્નજી ભટ્ટ
બાપુની છબી । કાકા કાલેલકર
બારીબહાર । પ્રહલાદ પારેખ
ભજનાંજલિ । કાકા કાલેલકર
ભારેલો અગ્નિ । રમણલાલ વ. દેસાઈ
ભવનું ભાતું । સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી । મનુભાઈ પંચોળી
મારા ગાંધીબાપુ । ઉમાશંકર જોશી
મારી હકીકત । નર્મદ
મોરનાં ઈંડાં । કૃષ્ણલાલ શ્રીધરાણી
રખડુ ટોળી । ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ । નગીનદાસ પારેખ
વાચનયાત્રાનો પ્રસાદ । સં. મહેન્દ્ર મેઘાણી
વિદિશા । ભોળાભાઈ પટેલ
દ્વિરેફની વાતો - ભાગ ૧ । રામનારાયણ વિશ્વનાથ પાઠક
વેવિશાળ । ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું । મનુભાઈ પંચોળી
શું શું સાથે લઈ જઈશ હું? । સં. મહેન્દ્ર મેઘાણી
સત્યના પ્રયોગો । મોહનદાસ કરમચંદ ગાંધી
સરસ્વતીચંદ્ર - ભાગ - ૧ । ગોવર્ધનરામ ત્રિપાઠી
સર્વોદય । મોહનદાસ ગાંધી
સાત વિચારયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
હાસ્ય-માળાનાં મોતી । સં. મહેન્દ્ર મેઘાણી
હિંદ સ્વરાજ । મોહનદાસ ગાંધી
અવતરણ । સં. રમણ સોની
સમુડી । યોગેશ જોશી
અરૂપસાગરે રૂપરતન । યજ્ઞેશ દવે
અવલોકન-વિશ્વ । સં. રમણ સોની
અસ્તિ । શ્રીકાન્ત શાહ

**સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – શ્રેણી**
ઇદમ્ સર્વમ્ (નિબન્ધ) । સુરેશ જોષી
અહો બત કિમ્ આશ્ચર્યમ્ ( નિબન્ધ) । સુરેશ જોષી
રમ્યાણિ વીક્ષ્ય (નિબન્ધ) । સુરેશ જોષી
પ્રથમ પુરુષ એકવચન (નિબન્ધ) । સુરેશ જોષી
ઇતિ મે મતિ (નિબન્ધ) । સુરેશ જોષી
પશ્યન્તિ ( નિબન્ધ) । સુરેશ જોષી
વિદ્યાવિનાશને માર્ગે (નિબન્ધ) । સુરેશ જોષી
આત્મનેપદી ( નિબન્ધ) । સુરેશ જોષી
પ્રત્યંચા (કાવ્ય) । સુરેશ જોષી
ઇતરા (કાવ્ય) । સુરેશ જોષી
તથાપિ (કાવ્ય) । સુરેશ જોષી
પરકીયા (કાવ્ય) । સુરેશ જોષી
ઉપજાતિ (કાવ્ય) । સુરેશ જોષી
ગૃહપ્રવેશ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
બીજી થોડીક (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
અપિ ચ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
ન તત્ર સૂર્યો ભાતિ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
એકદા નૈમિષારણ્યે (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
વિદુલા (નવલકથા) । સુરેશ જોષી
કથાચક્ર (નવલકથા) । સુરેશ જોષી
છિન્નપત્ર (નવલકથા) । સુરેશ જોષી
મરણોત્તર (નવલકથા) । સુરેશ જોષી
કિંચિત્ (વિવેચન) । સુરેશ જોષી
ગુજરાતી કવિતાનો આસ્વાદ (વિવેચન) । સુરેશ જોષી
કથોપકથન (વિવેચન) । સુરેશ જોષી
કાવ્યચર્ચા (વિવેચન) । સુરેશ જોષી
શૃણવન્તુ (વિવેચન) । સુરેશ જોષી
અરણ્યરુદન (વિવેચન) । સુરેશ જોષી
ચિન્તયામિ મનસા (વિવેચન) । સુરેશ જોષી
અષ્ટમોઅધ્યાય (વિવેચન) । સુરેશ જોષી

www.ekatrafoundation.org અને ekatra.pressbooks.pub
ઉપર ક્લીક કરતાં જ પુસ્તકોની આ રમ્ય ને સંતર્પક દુનિયામાં પ્રવેશ કરી શકાશે.

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ



## રામનારાયણ વિશ્વનાથ પાઠક

રામનારાયણ વિશ્વનાથ પાઠક (જ.૮ એપ્રિલ, ૧૮૮૭ – અવ. ૨૧ ઑગસ્ટ ૧૯૫૫) અનેક દિશાઓમાં જેમની શક્તિ પ્રગટ થઈ હતી એવા આપણા એક બહુમુખી પ્રતિભાવાળા  સાહિત્યકાર હતા. સાહિત્યઅને ફિલસૂફીના અભ્યાસી રા. વિ. પાઠકે આરંભે થોડાંક વર્ષ સાદરામાં વકીલનો વ્યવસાય કર્યો, પછી આઝાદીની લડતમાં જોડાયા ને પછી ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપનકાર્ય કર્યું.

મુખ્યત્વે વિવેચક, પણ એમણે ‘શેષ’ એવા ઉપનામે કવિતા લખી, ‘દ્વિરેફ’ નામે વાર્તાઓ લખી, ‘સ્વૈરવિહારી’ ઉપનામથી નિબંધો લખ્યા.  છંદશાસ્ત્રનો એમનો ગ્રંથ’ બૃહત્પિંગળ’ એ વિષયનો ખૂબ જ મહત્ત્વનો ગ્રંથ ગણાય છે.

દરેક સ્વરૂપમાં એમણે ઉત્તમ કૃતિઓ આપી. વિવેચક તરીકે એમનું સ્થાન આજ સુધીના અગ્રણી વિદ્વાનોમાં આગલી હરોળમાં ગણાય છે. એ ગાંધી યુગના કાવ્યગુરુનું બિરૂદ પામેલા. ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓના વિવેચન ઉપરાંત સંસ્કૃતસાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ વિશે પણ એમણે ઉત્તમ અભ્યાસો આપેલા છે. ‘પ્રસ્થાન’ સામયિકના તંત્રી તરીકે એમણે પંડિતયુગ અને ગાંધીયુગની સાહિત્ય- પ્રવૃત્તિને એક દિશા આપી.

## દ્વિરેફની વાતો – ભાગ ૧ (૧૯૨૮)

ઇ. ૧૯૨૦ આસપાસ જ્યારે ગુજરાતી ભાષામાં નવી વાર્તા આરંભ પામતી હતી, લગભગ પ્રાથમિક દશામાં હતી  ત્યારે રામનારાયણ પાઠકે એક જ પ્રકારની વાર્તાઓ આપવાને બદલે પ્રયોગલક્ષી વિવિધતાવાળી વાર્તાઓ આપી. એમની આ પ્રયોગશીલ સર્જકતા વિષયવસ્તુમાં, ચરિત્રોના આલેખનમાં, લેખનશૈલી અને કથનની રીતિમાં એમ બધે સક્રિય રહેલી. એમણે બધું મળીને ચાળીસેક વાર્તાઓ લખી, એના ત્રણ સંગ્રહ થયા.પરંતુ દરેક વાર્તા નોખા રૂપની બની આવેલી. ‘જક્ષણી’, ‘ખેમી’, ‘છેલ્લો દાંડક્ય ભોજ’ તથા ‘મેહફીલે ફેસાને ગુયાન’ જૂથનીવાર્તાઓ સાથેવાંચવાથી એનો ખ્યાલ આવશે.

રસપ્રદ કથન ઉપરાંત એમનામાં ખાસ પ્રકારની રમૂજશક્તિ છે એ એમની વાર્તાઓને આસ્વાદ્ય બનાવેછે. તો આવો, એ આસ્વાદ્યજગતમાં પ્રવેશકરીએ –

(પરિચય – રમણ સોની)

https://ekatra.pressbooks.pub/dvirefnivato/

### વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર આવરણ (cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.



Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્રોત).

## Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 200 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org
Atul Raval | atulraval@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**